RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૭   સોમવાર, તા.૦૧-૦૪-૨૦૨૪   અંક : ૧૩૭ વર્ષ : ૨૧   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

કુંડારીયા ડમી તરીકે ઉમેદવારી કરશે : પરષોત્તમ રૂપાલા

સવારથી શરૂ થયેલી ચર્ચા પર પુરષોત્તમ રૂપાલાએ પોતે જ મુક્યો પૂર્ણવિરામ

રાજકોટ

લોકસભા ચૂંટણીને લઈ રાજકિય માહોલ ગરમાયો છે ત્યારે રાજકોટ લોકસભા બેઠક પર બીજેપી રૂપાલાને બદલી શકે છે. વિવાદીત ટીપ્પણી બાદ ઘેરાયેલા રૂપાલાને ફટકો પડી શકે છે. ક્ષત્રિય સમાજના વિરોધને લઈ પરસોત્તમ રૂપાલાની ટિકિટ કપાઈ શકે છે અથવા તો બીજેપી તેમને અન્ય બેઠક પરથી લડાવી શકે છે. આવી ચર્ચા સવારથી શરૂ થઈ હતી. દરમિયાનમાં પરષોત્તમ રૂપાલાએ આ અંગે જણાવ્યું હતું કે મોહનભાઈ કુંડારીયા ડમી તરીકે ઉમેદવારી નોંધાવી શકે છે જ્યારે ઉમેદવારી બદલવાનો હાલ કોઈ સવાલ નથી.

લોકસભા ચૂંટણીને લઈ રાજકિય માહોલ ગરમાયો છે ત્યારે રાજકોટ બેઠક પર રૂપાલાના વિરોધ વચ્ચે હાલના સાંસદ મોહન કુંડારિયા એ રાજકોટથી ઉમેદવારીની તૈયારી દર્શાવી છે.

આવી વાત વહેતી થતા રૂપાલાના સ્થાને કુંડારીયાને મુકવામાં આવી છે તેવી ચર્ચા શરૂ થઈ હતી. જો કે હજુ પણ સ્થિતી પ્રવાહી છે. અને ગમે ત્યારે નવા જુની થવાની શક્યતા નકારી શકાય નહી.

શેરબજાર તથા સોના-ચાંદીમાં જોરદાર તેજી

સેન્સેકસમાં ૫૦૦ પોઈન્ટનો ઉછાળો, સોનુ ૭૧૦૦૦ની પાર

નવીદિલ્હી,

નવા નાણાકીય વર્ષના પ્રારંભે જ શેરબજાર તથા સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક તેજી સર્જાઈ હતી. શેરબજારમાં સેન્સેકસ ૭૪૨૫૪, નિફટી ૨૨૫૨૯ની નવી ઉંચાઈએ પહોંચ્યા હતા. સોનુ ૭૧૦૦૦ની સપાટીને વટાવીને ૭૧૦૦૦ને પાર થયુ હતું.

આજથી નવા નાણાકીય વર્ષની શરૂઆત થઈ છે. પ્રથમ દિવસે જ કોમોડીટી- શેરમાર્કેટમાં જબરદસ્ત તેજી જોવા મળી હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે ચુંટણી પુર્વે માર્કેટ નવી ઉંચાઈને આંબવાની અટકળો હતી જ અને તે મુજબ તેજીમાં ધમધમી રહ્યું છે.

આજે મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૫૦૫ પોઈન્ટના ઉછાળાથી ૭૪૧૫૭ સાંપડયો હતો તે ઉંચામાં ૭૪૨૫૪ તથા નીચામાં ૭૩૯૪૩ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૭૨ પોઈન્ટના ઉછાળાથી ૨૨૪૯૯ હતો. તે ઉંચામાં ૨૨૫૨૯ તથા નીચામાં ૨૨૪૪૩ હતો.

સોના-ચાંદીમાં પણ જોરદાર તેજી હતી. અમેરિકી વ્યાજદર જૂનમાં ઘટવાના સંકેતો વચ્ચે વૈશ્વિક સોનુ ૩૧ ડોલર ઉંચકાઈ ને ૨૨૬૪ ડોલર હતું. રાજકોટમાં હાજર સોનુ ૧૨૦૦ના ઉછાળાથી ૭૧૫૦૦ હતુ. કોમોડીટી એકસચેંજમાં ૬૮૯૩૦ હતું તેમાં ૧૨૫૦ રૂપિયાનો ઉછાળો હતો.

ચીને લદ્દાખમાં ૪,000 કિ.મી. જમીન પચાવી પાડી

સોનમ વાંગચૂકનો ચોકાવનારો દાવો



લૈહ,

પર્યાવરણ કાર્યકર સોનમ વાંગચૂકે પૂર્ણ રાજ્યના દરજ્જા, છઠ્ઠી અનુસૂચિમાં લદ્દાખના સમાવેશ સહિત કેટલીક માગણીઓ સાથે ૨૧ દિવસ સુધી ભૂખ હડતાળ કર્યા પછી ગાંધી ચિંધ્યા ‘સત્યાગ્રહ’ના માર્ગે આંદોલન ચાલુ રાખવાની હાકલ કરી છે. આ સાથે તેમણે દાવો કર્યો હતો કે, તેઓ આ મહિને લદ્દાખના લગભગ ૧૦,૦૦૦ લોકો સાથે ચીનની સરહદ સુધી મોરચો કાઢશે, જેથી દુનિયાને એ બતાવી શકાય કે ચીને ભારતની ૪,૦૦૦થી વધુ કિ.મી. જમીન પચાવી પાડી છે. વાંગચૂકના આ દાવાથી ખળભળાટ મચી ગયો છે.

લદ્દાખ માટે કેટલીક માગણીઓ સાથે શૂન્ય ડિગ્રીથી નીચા તાપમાને આમરણ ઉપવાસ કરનારા પર્યાવરણ કાર્યકર સોનમ વાંગચૂકે ૨૧ દિવસ પછી પારણાં કર્યા હતા. જોકે, તેમણે પોતાની માગણીઓ માટેનું આંદોલન ‘સત્યાગ્રહ’ના માર્ગે ચાલુ રાખવાનો દાવો કર્યો હતો. આ સાથે તેમણે દાવો કર્યો હતો કે છેલ્લા એક દાયકામાં ચીને ભારતની ૪,૦૦૦થી વધુ કિ.મી.ની જમીન પચાવી પાડી છે. લદ્દાખના ભરવાડોને પહેલા તેઓ જ્યાં ઢોર ચરાવવા જતા હતા ત્યાં જવા દેવાતા નથી. હવે તેમને અનેક કિ.મી. પહેલા જ અટકાવી દેવાય છે. કારણ કે આ વિસ્તારમાં ભારતની ભૂમી ચીને પચાવી પાડી છે પરંતુ તેની દેશ અને દુનિયાને જાણ થવા દેવાતી નથી. વાંગચૂકે કહ્યું કે, અમે ચીન સાથે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર પેંગોંગ ત્સો સરોવરના ઉત્તરી અને દક્ષિણી કિનારે ફિંગર એરિયા, ડેમચોક, ચુશુલ સહિત અન્ય વિસ્તારોમાં ૧૦,૦૦૦ લોકો સાથે માર્ચ કાઢીશું.

કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૨ રૂપિયાનો થયો ઘટાડો

મહિલા દિવસે સરકારે ઘરેલુ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી

નવીદિલ્હી,

એપ્રિલ મહિનાની સાથે જ આજથી નવા કારોબારી વર્ષનો પણ પ્રારંભ થયો છે. વર્ષના પ્રથમ દિવસે સરકારે સામાન્ય જનતાને રાહતના સમાચાર આપ્યા છે. ગયા મહિને મહિલા દિવસ ૨૦૨૪ ના અવસર પર સરકારે ઘરેલુ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. જ્યારે આજે ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૩૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. બીજી બાજુ ઘરેલુ સિલિન્ડરના ભાવ સ્થિર છે. તેમાં કોઈ વધ-ઘટ કરાઈ નથી.

પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ વેર્યો વિનાશ : ૫ લોકોના મોત, ૧૦૦ ઘાયલ

વાવાઝોડામાં અનેક મકાનો, વૃક્ષો પણ ધરાશાયી

જલપાઈગુડી,

પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં અચાનક આવેલા વાવાઝોડાએ ભારે વિનાશ સર્જ્યો હતો. તોફાનના કારણે ૫ લોકોના મોત થયા છે, જ્યારે ૧૦૦ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જોરદાર પવનને કારણે જિલ્લાના મુખ્ય મથક શહેર અને મૈનાગુરી જેવા આસપાસના વિસ્તારોમાં વ્યાપક નુકસાન થયું છે. આ વાવાઝોડામાં અનેક મકાનો, વૃક્ષો પણ ધરાશાયી થયા હતા અને વીજ થાંભલા પણ પડી ગયા હતા.મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ વાવાઝોડાના સમાચાર પર શોક વ્યક્ત કર્યો છે.

ગુવાહાટીમાં એરપોર્ટની છતનો એક ભાગ તૂટી પડ્યો

આસામના ગુવાહાટીમાં ગોપીનાથ બોરદોલોઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ભારે વરસાદને કારણે નોંધપાત્ર નુકસાન થયું છે. એરપોર્ટની છતનો એક ભાગ તૂટી પડ્યો હતો. ફ્લાઇટની અવરજવર થોડા સમય માટે બંધ કરી દેવામાં આવી હતી. છ ફ્લાઈટને ડાયવર્ટ કરવી પડી હતી.

લીકર પોલિસી કેસમાં કેજરીવાલને રાહત નહીં : ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડી

કેજરીવાલે કહ્યું, પીએમ જે કંઈ પણ કરી રહ્યા છે, તે બરાબર નથી કરી રહ્યા

મેરઠ,તા.૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. કેન્દ્રીય એજન્સીએ મુખ્યમંત્રીની ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીની માંગણી કરી હતી, જેને રાઉઝ એવન્યુ કોર્ટે મંજૂર કરી હતી. દિલ્હી કોર્ટમાં હાજર થવા માટે લઈ જવામાં આવતા કેજરીવાલે કહ્યું, “પીએમ જે કંઈ પણ કરી રહ્યા છે, તે બરાબર નથી કરી રહ્યા.”

કેજરીવાલને તિહાર જેલમાં રાખવામાં આવશે. કેજરીવાલની કોર્ટમાં હાજરી પહેલા તિહાર જેલમાં એક મીટિંગ ચાલી રહી હતી અને કથિત રીતે એ પણ નક્કી કરવામાં આવી રહ્યું હતું કે તેમને તિહારની કઈ જેલમાં રાખવામાં આવશે. કેન્દ્રીય એજન્સીએ કોર્ટને કહ્યું કે કેજરીવાલ તપાસમાં સહકાર નથી આપી રહ્યા. તે અસ્પષ્ટ જવાબો આપી રહ્યો છે અને તેના આઈફોનનો પાસવર્ડ પણ નથી આપી રહ્યો, જેથી કરીને વધુ તપાસ હાથ ધરી શકાય.

ઈલેક્ટોરલ બોન્ડનો વિરોધ કરનારાઓને પસ્તાવો થશે : મોદી

અમે સ્કીમ બનાવી તો દાનના સ્ત્રોતની ખબર પડી, ખામી સુધારી શકાય છે

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી પહેલા PM નરેન્દ્ર મોદીએ તમિલનાડુની ન્યૂઝ ચેનલને ઈન્ટરવ્યુ આપ્યો હતો આમાં તેણે પહેલીવાર ઈલેક્ટોરલ બોન્ડ મુદ્દે જવાબ આપ્યો. તેમણે કહ્યું- ૨૦૧૪ પહેલા પણ ચૂંટણીમાં ખર્ચ થતો હતો. ત્યારે કયા રુપિયા ક્યાંથી આવ્યા અને કોણે ખર્ચ્યા તેની કોઈ માહિતી મળતી ન હતી. સિસ્ટમમાં ખામીઓ હોઈ શકે છે. કોઈપણ સિસ્ટમ સંપૂર્ણ નથી. ખામીઓને સુધારી શકાય છે.

રવિવારે (૩૧ માર્ચ) બીજેપીની યુટ્યુબ ચેનલ પર જાહેર કરાયેલા આ ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું- જો મોદીએ ઈલેક્ટોરલ બોન્ડની સ્કીમ બનાવી છે, તો એ જાણી શકાય છે કે કયા રુપિયા કોને અને ક્યારે આપવામાં આવ્યા હતા. જે લોકો ડેટા સાર્વજનિક થવા અંગે અવાજ ઉઠાવી રહ્યા છે તેઓને પાછળથી પસ્તાવો થશે.

પીએમને ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે વિપક્ષ સરકાર પર ED-CBIના દુરુપયોગનો આરોપ લગાવી રહ્યો છે. તેના પર પીએમે કહ્યું- અમે EDની સ્થાપના નથી કરી, ન તો અમારી સરકાર PMLA કાયદો લાવી છે.ED અને CBIએ સ્વતંત્ર રીતે કામ કરવું પડશે અને કોર્ટના ચુકાદામાં નિષ્પક્ષ રહેવું પડશે. ED પાસે હાલમાં ૭ હજાર કેસ છે. તેમાંથી રાજનેતાઓને લગતા કેસ ૩ ટકાથી ઓછા છે.તેમણે કહ્યું- પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમના આમંત્રણે મને ચોંકાવી દીધો અયોધ્યા મંદિરના પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ માટેના આમંત્રણે મને ચોંકાવી દીધો. આ પછી મેં નક્કી કર્યું કે હું ૧૧ દિવસ સુધી અનુષ્ઠાન કરીશ. જ્યારે હું અયોધ્યા પહોંચ્યો. જ્યારે હું એક સમયે એક ડગલું ચાલતો હતો. ત્યારે મારા મનમાં ઈરાદો હતો કે હું PM હોવાના કારણે જઈ રહ્યો છું કે પછી ભારતના નાગરિક તરીકે જઈ રહ્યો છું.હું જે કંઈ પણ કરું છું તે ટોપ-રેટેડ હોવું જોઈએ. મેં જે પણ કામ કર્યું છે, મેં તેના પર બરાબર ધ્યાન આપ્યું છે. વિદેશી બાબતોની વાત કરું તો મારા માટે એક નાનું રાષ્ટ્ર એક મોટા દેશ જેટલું જ મહત્વનું છે.

વ્યાસજીના ભોંયરામાં પૂજા પર પ્રતિબંધની મુસ્લિમ પક્ષની અરજી પર આજે સુનાવણી

સુપ્રીમ કોર્ટમાં પૂજા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશના જ્ઞાનવાપી પરિસરમાં તાજેતરમાં જ જિલ્લા અદાલતે હિન્દુ પક્ષને પૂજા કરવાની મંજૂરી આપી હતી. આ તરફ હવે જ્ઞાનવાપી કેસમાં મુસ્લિમ પક્ષની અરજી પર સુપ્રીમ કોર્ટમાં આજે એટલે કે ૧ એપ્રિલે સુનાવણી થવાની છે. અરજીમાં જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસજીના ભોંયરામાં હિન્દુ પક્ષ દ્વારા કરવામાં આવતી પૂજા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે.

જ્ઞાનવાપી પરિસરમાં હિન્દુ પક્ષને જિલ્લા અદાલતમાં પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી હતી અને હાઈકોર્ટે તેના પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો હતો. જોકે આ મામલે હવે જ્ઞાનવાપી સમિતિ સુપ્રીમ કોર્ટમાં ગઈ છે. અંજુમન ઈન્તેજામિયા મસાજિદે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. જે અંગે આજે એટલે કે ૧ એપ્રિલ અને સોમવારના રોજ સુનાવણી થવાની છે. નોંધનીય છે કે, ગત ૩૧ જાન્યુઆરીએ વારાણસી કોર્ટે તેના એક આદેશમાં હિન્દુ શ્રદ્ધાળુઓને જ્ઞાનવાપી સંકુલમાં સ્થિત વ્યાસજીના ભોંયરામાં પ્રાર્થના કરવાની પરવાનગી આપી હતી. આ તરફ વારાણસી કોર્ટના આ નિર્ણયને અંજુમન એરેન્જમેન્ટ મસ્જિદ કમિટીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

ક્ષત્રિય સમાજના કાર્યક્રમો અને સોશિયલ મીડિયા પર ભાજપ રાખશે સતત નજર

તમામ રિપોર્ટ કરવા આઇબીને પણ કામે લગાડવામાં આવી

અમદાવાદ,

ભાજપ દ્વારા તમામ જિલ્લાઓમાં પરશોત્તમ રૂપાલાની ટિપ્પણીને પગલે ક્ષત્રિય સમાજ દ્વારા યોજવામાં આવતા કાર્યક્રમો અને સોશિયલ મીડિયા પર નજર રખાશે

પરશોત્તમ રૂપાલા દ્વારા કરવામાં ક્ષત્રિય સમાજ અંગે કરવામાં આવેલી રાજકીય ટીપ્પણીને પગલે સમર્ગ ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં પણ ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો છે. જેના કારણે પરસોતમ રૂપાલા વિરૂદ્ધ ક્ષત્રિય સમાજ દ્વારા જાહેરમાં તેમજ સોશિયલ મીડિયામાં ખુબ મોટાપાયે વિરોધ કરવામાં આવી રહ્યો છે. રાજકોટ લોકસભામાં ઉમેદવાર બદલવા માટે માંગણી કરી છે. આમ આ વિરોધની અસર માત્ર રાજકોટમાં જ નહી પણ ક્ષત્રિય મતદારોનું પ્રભુત્વ ધરાવતા તમામ મત વિસ્તારોમાં પડી શકે છે. ભાજપે ડેમેજ કંટ્રોલ કરવા કવાયત શરૂ કરી છે. પરશોત્તમ રૂપાલા મામલે ચાલતા વિવાદને પગલે સોશિયલ મીડિયા પર તેમજ જાહેરમાં કરવામાં કાર્યક્રમો પર નજર રાખવા અને તેનો રિપોર્ટ આપવા મટે સુચના આપવામાં આવી છે.

૮૦૦ થી વધુ દવાઓ આજથી મોંઘી



પેરાસિટામોલના ભાવમાં ૧૩૦%નો વધારો

નવીદિલ્હી,

આજે ૧ એપ્રિલ છે અને આજથી ભારતમાં ૮૦૦ થી વધુ દવાઓ મોંઘી થવા જઈ રહી છે. સરકારે જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI)માં ફેરફારો કર્યા છે જેના હેઠળ હવે ઘણી દવાઓની કિંમતો વધશે. આ દવાઓની કિંમતમાં લગભગ ૧૨ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. આ અંતર્ગત નેશનલ એસેન્શિયલ મેડિસિન લિસ્ટમાં ૦.૦૦૫૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ સૂચિમાં કેટલીક દવાઓનો પણ સમાવેશ થાય છે જે સામાન્ય રોજિંદા સમસ્યાઓમાં ઉપયોગી છે. તો ચાલો જાણીએ આ દવાઓ કઈ છે.અહેવાલો અનુસાર, પેરાસિટામોલની કિંમતોમાં ૧૩૦%નો વધારો થયો છે. વાસ્તવમાં, આ એક એવી દવા છે જેનો ઉપયોગ તાવ સહિત અનેક રોગોના લક્ષણોને નિયંત્રિત કરવા માટે થાય છે. તેની કિંમતોમાં વધારો સામાન્ય માણસ માટે થોડો વધુ પડતો હોઈ શકે છે. પેઈનકિલર, એન્ટીબાયોટીક્સ અને એન્ટી ઈન્ફેક્શન દવાઓ પણ મોંઘી થઈ ગઈ છે. પેનિસિલિન જી ૧૭૫% મોંઘું થયું છે, જ્યારે Azithromycin અને કેટલીક અન્ય દવાઓ પણ મોંઘી થઈ છે.

ઈન્દિરાએ કેવી રીતે કચ્છથીવુ ટાપુ શ્રીલંકાને સોંપ્યો? : RTIમાં ઘટસ્ફોટ

PMએ કહ્યું- કોંગ્રેસ દેશની અખંડિતતાને નબળી પાડી રહ્યું છે તેમના પર વિશ્વાસ કરાય નહીં

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દાવો કર્યો છે કે કોંગ્રેસે શ્રીલંકાને કચ્છથીવુ ટાપુ આપ્યો છે. દરેક ભારતીય તેનાથી નારાજ છે. કોંગ્રેસ પર ક્યારેય વિશ્વાસ કરી શકાય નહી. તેમણે ૭૫ વર્ષમાં ભારતની એકતા અને અખંડિતતાને નબળી પાડી છે. સ્એ સોશિયલ મીડિયા પર કચ્છથીવુ પર આરટીઆઈ રિપોર્ટને ટાંકીને આ વાત કહી. ઈૅ રિપોર્ટમાં કહેવામાં આવ્યુંછે કે ઈન્દિરા ગાંધીની સરકારે ૧૯૭૪માં શ્રીલંકાને આ ટાપુ ભેટમાં આપ્યો હતો. તમિલનાડુના બીજેપી ચીફ કે. અન્નામલાઈએ કચ્છથીવુ વિશે માહિતી માંગતી ઈૅ દાખલ કરી હતી. જેમાં લખવામાં આવ્યું છે કે વર્ષ ૧૯૭૪માં ભારતની તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રીમાવો બંદરનાઈકે વચ્ચે સમજૂતી થઈ હતી. આ અંતર્ગત કચ્છથીવુ ટાપુ શ્રીલંકાને ઔપચારિક રીતે સોંપવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર ઈન્દિરાએ આ સમજૂતી તમિલનાડુમાં લોકસભા પ્રચારને ધ્યાનમાં રાખીને કરી હતી. ૧૯૭૪માં ઈન્દિરા ગાંધીની સરકારે આ ટાપુ શ્રીલંકાને ભેટમાં આપ્યો હતો. ૧૯૭૪માં બંને દેશો વચ્ચે બે બેઠક થઈ હતી. પહેલી બેઠક ૨૬ જૂને કોલંબોમાં અને બીજી ૨૮ જૂને દિલ્હીમાં થઈ હતી. બંને બેઠકોમાં શ્રીલંકાને ટાપુ આપવા પર સહમતી થઈ હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કરારમાં કેટલીક શરતો રાખવામાં આવી હતી જેમ કે - ભારતીય માછીમારો તેમની જાળ સૂકવવા માટે આ ટાપુ પર જઈ શકશે. ટાપુ પર બનેલા ચર્ચમાં ભારતીયોને વિઝા ફ્રી એન્ટ્રી મળશે. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ પીએમ મોદીએ ગૃહમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર કચ્છથીવુને લઈને નિવેદન પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે આ વિપક્ષના લોકો જે સંસદની બહાર ગયા છે, થોડું એમનો પૂછો. આ કચ્છથીવુ ક્યાં છે અને શું છે? ડીએમકેના આ લોકો અને તેમની સરકાર મને પત્ર લખીને મોદીજીને કચ્છથીવુ પરત લાવવા કહે છે. તમિલનાડુથી આગળ અને શ્રીલંકા પાછળનો ટાપુ કોણે અને બીજાને કેમ સોંપ્યો? શું આ વિસ્તાર ભારત માતાનો ભાગ ન હતો? ઈન્દિરા ગાંધીની આગેવાની હેઠળની સરકારે પણ તેને ભારતથી અલગ કરવાનું કામ કર્યું.

ટાપુ અંગે ભાજપ-કોંગ્રેસનું નિવેદન

કોંગ્રેસ નેતા સંદીપ દીક્ષિતે કહ્યું કે વડાપ્રધાનની સમસ્યા એ છે કે તેઓ કોઈપણ આધાર વગર નિવેદનો આપે છે. જો આવી સમજૂતી કરવામાં આવી હોત, તો અમને ખબર પડી હોત કે શું થયું હતું. બીજું વડાપ્રધાન ૯ વર્ષ સુધી શું કરતા હતા? તે એવી સ્થિતિમાં છે જ્યાં તેમને આ માહિતી મળી શકે, તો તે અત્યાર સુધી ચૂપ કેમ હતા? આ બધું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે તમિલનાડુમાં ચૂંટણી છે અને તમામ સર્વે બતાવી રહ્યા છે કે તમિલનાડુમાં ભાજપનો સંપૂર્ણ સફાયો થઈ રહ્યો છે.

આખા ગુજરાતને પાણી પુરું પાડતા ડેમ તળિયા ઝાટક

ગાંધીનગર

ઉનાળા પહેલા ગુજરાત માટે આવ્યા ચિંતાના વાદળો મંડરાયા છે. આખા ગુજરાતનાને પાણી પુરું પાડતા ડેમ તળિયા ઝાટક થયા છે. હવે ઉનાળો કેમનું કાઢશો તે મુશ્કેલી છે. ઉનાળાની વધતી ગરમીએ લોકોની મુશ્કેલી વધારી છે. ગરમી વધતાં જળાશયોના સ્તરમાં ધરખમ ઘટાડો થયો છે. ગુજરાતના ૪૮ જળાશયોમાં હવે ૧૦ ટકાથી ઓછું પાણી બચ્યું છે. ૨૦૭ જળાશયોમાં સરેરાશ જળસ્તર ૫૪ ટકા બચ્યું છે. સૌરાષ્ટ્રના અનેક જળાશયો તળિયાઝાટક થયા છે. ત્યારે ગુજરાતમાં ઠેર ઠેર પાણીની તંગીનો મુદ્દો ચૂંટણીમાં પણ જોવા મળી રહ્યો છે. આ હાલત માત્ર સૌરાષ્ટ્રની જ નથી, આખા ગુજરાતની છે. ઉનાળા પહેલાં રાજ્યમાં જળાશયોમાં પાણી ખૂટ્યું છે. સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં માત્ર ૩૦.૩૮ ટકા પાણીનો જથ્થો બચ્યો છે કચ્છના ૨૦ જળાશયોમાં ૩૬.૯૫ ટકા પાણી બચ્યું,ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૮.૪૯ ટકા પાણી ,મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૬૦.૯૭ ટકા પાણીનો જથ્થો,દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૦.૫૩ ટકા પાણી બચ્યું છે જયારે રાજ્યના ૨ જળાશયોમાં ૯૦ ટકાથી વધુ પાણીનો જથ્થો છે,૬ જળાશયોમાં ૮૦થી ૯૦ ટકા પાણી છે,૭ જળાશયોમાં ૭૦થી ૮૦ ટકા પાણી છે,જ્યારે ૧૯૧ જળાશયોમાં ૭૦ ટકા ઓછું પાણી રહ્યું છે લોકસભા ચૂંટણી જાહેર થઈ ચૂકી છે ત્યારે લોકોની પાયાની સમસ્યાઓમાં ક્યાંક ને ક્યાંક લોકો ચૂંટણીમાં મતદાન નો બહિષ્કાર કરવાની ચીમકી પણ આપતા હોય છે. આ વિસ્તારના રહીશો આકરા પાણીએ આવી આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી આપતા ચકચાર મચી છે.

સુરતમાં હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ

મુંબઈની મોડેલ્સને બોલાવી રેકેટ ચલાવવામાં આવતું હતું

સુરત

સુરતમાં એન્ટી હ્યુમન ટ્રાફિક સેલ દ્વારા હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટ ઝડપી પાડવામાં આવ્યું છે. વેસુ વિસ્તારમાં એક હોટલમાં મુંબઈની મોડેલોને સુરત ખાતે બોલાવી સમગ્ર સેક્સ રેકેટ ચલાવવામાં આવતું હતું. જેમાં એન્ટી હ્યુમન ટ્રાફિક સેલ દ્વારા ચાર જેટલી મોડેલોને મુક્ત કરાવી બે દલાલને વોન્ટેડ જાહેર કર્યા હતા

સુરતમાં ચાલતા હાઈ પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ થયો છે. સુરતના વેસુ વિસ્તારમાં એક હોટલમાં મુંબઈથી મોડેલોને બોલાવી ત્યાંથી મોટા ઘરના નબીરાઓને આ મોડેલો સપ્લાય કરવામાં આવતી હતી. જેમાં નબીરાઓને બે દલાલ યુવરાજ ઉર્ફે રાહુલ અને જાવેદ નામના બે યુવકો વ્હોટસએપ મારફતે મહિલા મોડેલોના ફોટા ગ્રાહકોને મોકલતા હતા. ત્યારબાદ ભાવતાલ નક્કી થતો હતો અને મોડેલને મુંબઈથી સુરત બોલાવવામાં આવતી હતી. આ સમગ્ર મામલાની બાતમી મળતા પોલીસે એક ડમી ગ્રાહક દલાલ યુવરાજ પાસે મોકલ્યો હતો.

નિયમિત કસ્ટમરના રેફરન્સથી વ્હોટસએપ પર મેસેજ કર્યો હતો. વાતચીત બાદ દલાલે મોડેલોના ફોટા મોકલી આપ્યા હતા. જેથી એક મોડલ પસંદ કરી ગ્રાહકને પોતાની લક્ઝરીયસ કાર લઈને વેસુની એક હોટલની બહાર બોલાવવામાં આવ્યો હતો.

આ ડમી ગ્રાહકની કાર ઊભી રહી તે દરમિયાન એક મોડલ કારમાં બેસી ગઈ આ રીતે પોલીસે સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

ત્યારબાદ મોડેલની પૂછપરછ કરતા હોટલમાંથી અન્ય ત્રણ મોડેલો મળી આવી હતી.૧૮થી ૨૨ વર્ષની આ ચારેય મોડેલો મુંબઈની છે. આ મોડેલોએ વેબ સિરીઝમાં પણ કામ કર્યું છે અને ટીવી સિરિયલમાં પણ સાઈડ રોલ કર્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કસ્ટમરને ત્રણ કલાકના ૧૭થી ૨૦ હજાર રૂપિયા મોડલનો ભાવ કહેવાતો હતો.

સાયલા ચોટીલા હાઈવે પર અકસ્માત થતાં કાકા-ભત્રીજાના મોત નિપજયાં

સુરેન્દ્રનગર

સાયલા ચોટીલા હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં કાકા ભત્રીજાના મોત નીપજ્યા છે. જ્યારે સાત લોકોને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જે પૈકી એકની હાલત ગંભીર હોવાનું સામે આવ્યુ છે. લીંમડીથી છાસિયા ભજનના કાર્યક્રમમાં જતા સમયે કારને અકસ્માત થયો હતો.

અકસ્માતમાં કારમાં સવાર કાકા ભત્રીજાના મોત થયા છે. જ્યારે ૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે સાયલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે સુરેન્દ્રનગર રીફર કરવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોમાં એકની હાલત ગંભીર છે. તમામ લોકો લીંબડીથી છાસિયા ભજનના કાર્યક્રમમાં જઈ રહ્યા હતા. ઘટનામાં સવજીભાઈ કોશિયા અને કલ્પેશ કોશિયાના મોત થયા છે. મૃતકના પરિવારજનોને જાણ થતા હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. બે જણાના મોતને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર ટીબી હોસ્પિટલ ખાતે રીફર કરાયા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યાં છે ત્યારે સાયલા-ચોટીલા હાઈવે પર થોડા સમય અગાઉ ડોળીયા ગામ પાસે ખાનગી લકઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

ટ્રકની પાછળ ટ્રક ઘુસી ગયો : એકનું મોત

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માત

અમદાવાદ

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર નડિયાદ તાલુકાના ચકલાસી ગામ નજીકઆજે વહેલી સવારે એક ગોઝારો અકસ્માત થયો હતો, જેમાં ટ્રકની પાછળ ટ્રક ઘુસી જતા એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું, જયારે બે વ્યક્તિઓ ઘાયલ થયા હતા. તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા.

નડિયાદ તાલુકાના ચકલાસી ગામ પાસેથી અમદાવાદ-વડોદરાને જોડતો એક્સપ્રેસ હાઈવે પસાર થાઈ છે. આજે રવિવારે વહેલી સવારે એક ટ્રક આગળ જતી હતી અને એક ટ્રક પાછળ જતી હતી તે આગળની ટ્રકમાં ઘૂસી ગઈ અને આ અકસ્માત સર્જાયો. પાછળ જે ટ્રક જતી હતી તેના કેબિનનો કચરગણ વળી ગયો હતો જેમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ, જ્યારે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા.

લોકસભાની એકપણ બેઠક એવી નથી કે જ્યાં પુરુષ કરતાં મહિલા મતદારો વધારે હોય

ગુજરાતમાં ફર્સ્ટ ટાઈમ વોટરોની સંખ્યા બનાસકાંઠાં લોકસભા બેઠકમાં સૌથી વધુ

અમદાવાદ

ગુજરાતમાં સાતમી મેએ ત્રીજા તબક્કામાં લોકસભાની ચૂંટણી થવાની છે ત્યારે રાજ્યના કુલ ૪.૯૬ કરોડ મતદારો પૈકી ૧૮-૧૯ વર્ષની વયના યુવા એટલે કે પ્રથમવાર મતદાન કરવાનો અધિકાર મળ્યો છે તેવા મતદારોની સંખ્યા ૧૧,૭૫,૪૪૪ થવા જાય છે, જ્યારે ૮૦ કરતાં વધુ વર્ષના મતદારોની સંખ્યા ૧૦૦૧૪૪૮ જોવા મળી છે. ૧૦૦ વર્ષની ઉંમરના લોકો ૧૦ હજાર જેટલા છે.

રાજ્યમાં ચૂંટણી મતદાર યાદીના રસપ્રદ આંકડા પ્રમાણે સૌથી વધુ ૬૭૫૦૪ યુવા મતદારો ઉત્તર ગુજરાતના બનાસકાંઠાં લોકસભા બેઠકમાં જોવા મળ્યા છે. અમદાવાદ ઈસ્ટમાં ૩૫૬૦૯ અને વેસ્ટમાં ૨૫,૨૫૭ મતદારો છે. ગાંધીનગરમાં આ સંખ્યા ૩૭,૪૭૭ થવા જાય છે. બીજી તરફ ૮૦ વર્ષ કરતાં વધુની ઉંમર ધરાવતા સૌથી વધુ ૫૦ હજાર કરતાં વધુ મતદારો મધ્ય ગુજરાતની વડોદરા લોકસભા બેઠકના છે.

અમિત ચાવડાએ ખુદને ક્ષત્રિય ગણાવતા કહ્યું, ભગવાન શ્રીરામના પ્રથમ આશીર્વાદ તેમને જ મળશે

ચાવડાનો મુકાબલો ભાજપના વર્તમાન સાંસદ મિતેષ પટેલ સામે છે

આણંદ

રાજકોટ બેઠકના ભાજપના લોકસભાના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજના અપમાનનો વિવાદ વકરતો જઇ રહ્યો છે. બીજી તરફ હવે કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ પણ ક્ષત્રિય કાર્ડ ખેલ્યું છે. આણંદથી લોકસભા ચૂંટણી લડતા અમિત ચાવડાએ ખુદને ક્ષત્રિય ગણાવતા કહ્યું કે ભગવાન શ્રીરામનો પ્રથમ આશીર્વાદ તેમણે જ મળશે. અમિત ચાવડા ગુજરાત કોંગ્રેસના સીનિયર નેતા છે. વિધાનસભામાં વિપક્ષના નેતા પણ છે. આણંદની બેઠક પર અમિત ચાવડાનો મુકાબલો ભાજપના વર્તમાન સાંસદ મિતેષ પટેલ સામે છે. પાર્ટીએ પાટીદાર સમાજમાંથી આવતા મિતેષ પટેલને રિપીટ કર્યા છે.

તો બીજી તરફ કોંગ્રેસે આણંદ બેઠક પર કબ્જો કરવા માટે અમિત ચાવડાને મેદાનમાં ઉતાર્યા છે.

ડબલ થવાની લાલચમાં શેર માર્કેટમાં ૯૪ લાખ રોક્યા, વિડ્રો કરવા જતાં લીંક ગાયબ !

cyber fraud
Shift

વડોદરામાં નોકરીયાતે લાલચની ફેસબુક પર એડ જોઈ ટુકડે ટુકડે ૯૪,૧૮,000 ભર્યા હતા

વડોદરા

મૂળ આંધ્ર પ્રદેશના અને વડોદરાના સન ફાર્મા રોડ પર રહેતા અને નોકરી કરતા રામક્રિષ્ના રાજીવ રોશાય બેડુદુરીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, હું જાણીતી કંપનીમાં ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો. પરંતુ અંગત કારણોસર ત્રણ મહિનાથી નોકરી છોડી દીધી છે. મારા બેંક એકાઉન્ટ આન્દ્રપ્રદેશના છે.

ગત તારીખ ૧૬મી જાન્યુઆરી ૨૪ના રોજ ઘરે હતો અને સોશિયલ મીડિયા ફેસબુક પર એક એડ જોઈ હતી. તે દરમિયાન એક એપ્લિકેશન મેં ડાઉનલોડ કરી હતી. જેમાં શેર માર્કેટમાં રોકાણ કરી પ્રોફિટ કમાઓ તેને લઈ મેં આ લિંક પર ક્લિક કરી એપ્લિકેશન મેળવી હતી અને ત્યારબાદ એક વોટ્સએપ ગ્રુપમાં એડ થયો હતો. આ ગ્રુપમાં ૧૫૦થી વધુ મેમ્બરો હતા અને પ્રોફિટ કમાવા માંગતા હોવ તો એક ફોર્મ ભરી ઠગાઈ આચરનાર શખસને પર્સનલ મોકલવાનું હતું. જેમાં મેં મારા આધારભૂત ડોક્યુમેન્ટ અને ૫૦ હજાર રોકાણ કરીશ તેવું ફોર્મ ભરી મોકલી આપ્યું હતું.

ધ્રાંગધ્રામાં મહિલા પોલીસકર્મીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં મહિલા પોલીસકર્મીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. ધ્રાંગધ્રા પોલીસમાં ફરજ બજાવતા રીટાબેન ડાભીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. આત્મહત્યા પાછળનું કારણ જાણવા મળ્યું નથી. ધ્રાંગધ્રા સીટી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલમાં મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગરમાં બનેલી ઘટના સમાન સુરતમાં પણ આ મહિનામાં જ મહિલા પોલીસકર્મીએ આત્મહત્યા કરી હતી. ૧૮ માર્ચે સુરત શહેરના સિંગણપોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજવતાં મહિલા કોન્સ્ટેબલ હર્ષનાબેન ચૌધરીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મહિલાના રૂમમાંથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. આ મહિલા પોલીસકર્મીના આપઘાત પાછળ પ્રેમ પ્રકરણ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ તપાસમાં મહિલા કોન્સ્ટેબલના સંબંધ પ્રશાંત ભોંય નામના કોન્સ્ટેબલ સાથે હોવાનું સામે આવ્યું હતું.

અમદાવાદના બાપુનગરમાં મોટા પુત્રએ પિતા પર હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા

અમદાવાદ,

અમદાવાદના બાપુનગરમાં એક પુત્ર એ જ પિતાની હત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. શહેરના બાપુનગર વિસ્તારમાં અશોકભાઈ તેના નાના અને માતા સાથે રહેતા હતા. ગત ૨૫ માર્ચના ધુળેટીના દિવસે અશોકભાઈ ઘરના બાથરૂમમાં પડી ગયા હતા. અશોકભાઈની માતાને જાણ થતા તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં અશોકભાઈને મૃત જાહેર કર્યા હતા. જોકે અશોકભાઈના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેનું પડી જવાથી નહીં પરંતુ તેની હત્યા થઈ હોવાનું સામે આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં અને અશોકભાઈના પત્નીની પૂછપરછ કરતા સામે આવ્યું છે કે ધુળેટીના તહેવારમાં અશોકભાઈ ઘરે હતા ત્યારે બીજો પુત્ર લોકેશ તેના ઘરે આવ્યો હતો અને પિતાને 'તમે મને કેમ તમારી સાથે રાખતા નથી' તેમ કહી બીભત્સ ગાળો બોલી ઝઘડો કર્યો હતો. બાદમાં દીકરા લોકેશે કપડાં ધોવાના ધોકા થી પિતા પર હુમલો કરી તેને મોતને ઘાટ ઉતાર્યા હતા. તેમજ લોકેશે દાદીને પણ આ અંગે કોઈને કહીશ તો મારી નાખવાની ધમકી આપી હતી અને ત્યારબાદ તે ઘરેથી નાસી ગયો હતો. સમગ્ર ઘટના બાદ દાદીએ અન્ય પુત્ર મીતને ફોન કરી સમગ્ર ઘટનાની જાણ કરી હતી અને મીત દ્વારા પોલીસમાં ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાલ તો પોલીસની તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે મૃતક અશોકભાઈ અને તેની પત્નીને મનમેળ ન હોવાથી બંને વર્ષ ૨૦૦૭થી જુદા રહેતા હતા તેમજ મોટો પુત્ર લોકેશ માતા સાથે રહેતો હતો અને નાનો પુત્ર મીત પિતા સાથે રહેતો હતો. મોટો પુત્ર લોકેશ ઘણા સમયથી કોઈ કામ ધંધો નહીં કરતા હોવાથી બેકાર હતો.

અમેરિકામાં પાટણના યુવકનું મોત : ફૂટપાથ પર ચાલતા દિનકરને ટ્રકે ટક્કર મારી

પાટણ,

અમેરિકાની ધરતી ભારતીયો માટે સલામત નથી રહી. અમેરિકામાં ગુજરાતીઓની સપનાની નગરી છે, પરંતુ આ ધરતી અનેક ગુજરાતીઓના જીવ લઈ રહી છે. ત્યારે પાટણ શહેરના યુવાનનું અમેરિકામાં માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યું છે. અમેરિકાના ટેક્સાસમાં મોલમાં કામ કરતા યુવકને એક ટ્રકે ટક્કર મારી હતી. ત્યારે આજે તેનો મૃતદેહ તેના વતન પાટણમાં લાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણ શહેરના મોટીસરા વિસ્તારના યુવાનનું અમેરિકામાં માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યું છે. અમેરિકાનાં ટેક્સાસ સ્ટેટનાં પલેસિયસ શહેરમાં અકસ્માતની ઘટના બની હતી. પાટણનો દિનકર કનૈયાલાલ સિયોલા નામનો યુવક આ શહેરમાં નોકરી કરતો હતો. તે ફૂટપાથ પર ચાલી રહ્યો હતો ત્યારે એક ટ્રકે તેને ટક્કર મારી હતી.

ટ્રકની ટક્કરમાં દિનકરનું ત્યાં જ મોત નિપજ્યું હતું. દિનકલર સિયોલા શહેરના એક મોલમાં નોકરી કરતો હતો. દિનકર રીલ્સ બનાવવાનો શોખી હતો.

દ.આફ્રિકામાં વધુ એક ગુજરાતી યુવકની ગોળી મારી કરાઈ હત્યા

જોહાનિસબર્ગ,

વિદેશમાં ગુજરાતીઓની હત્યાની ઘટનાઓ બનતી હોય છે. જે એક ચિંતાનો વિષય છે. ત્યારે વિદેશમાં વધુ એક ગુજરાતી યુવકની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે,આ યુવક મૂળ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના સારોદ ગામનો છે જેનુ નામ સાહિલ અબ્દુલ અઝીઝ મુનશી છે.દક્ષિણ આફ્રિકામાં નીગ્રો જાતિના લોકોએ આ યુવકને લૂંટના ઈરાદે ગોળી મારી હત્યા કરી છે.દક્ષિણ આફ્રિકામાં રોજગારી મેળવવા માટે આ યુવક સ્થાયી થયો હતો પરંતુ આફ્રિકાના દેશોમાં ઘણીવાર ભારતીયોને યેનકેન પ્રકારે મૃત્યુના શરણે જવું પડે છે.

સારોદ ગામનાં સાહિલ અબ્દુલ અજીજ મુનશી નોકરીએથી છૂટીને પરત પોતાના ઘરે ગાડીમાં જઈ રહ્યા હતા ત્યારે નીગ્રો જાતિના લોકોએ લૂંટવા માટે તેમને રોકવાનો પ્રયાસ કર્યો અને તેમને ગોળી મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી તેમ છતાં તેમણે હિંમત રાખીને ગાડી ચલાવી પરંતુ તેમનો પીછો કરી દૂર જઈને તેમની ગાડી ઉપર છ થી સાત ગોળીઓ મારી દેતા સાહિલને ગોળી વાગતા તેમનું મોત થયું છે. બનાવની જાણ જંબુસર તાલુકામાં અને સારોદ ગામે વાયુવેગે ફેલાતા લોકોમાં શોકની લાગણી પ્રવર્તી છે.

ભરૂચ જિલ્લાના ઘણા યુવાનો વર્ષોથી રોજગારી મેળવવા માટે દક્ષિણ આફ્રિકાના દેશોમાં જાય છે પરંતુ ત્યાં નીગ્રો જાતિના લોકો લૂંટના ઈરાદે આવે છે અને ભારતીયોને નિશાન બનાવી મૃત્યુના શરણે લઈ જાય છે જેના કારણે પરિવાર પર આફત આવી પડે છે.

ભાવનગરના વિજ્ઞાનીની પસંદગી : ખગોળવિદ ડૉ. પંકજ જોષીનો ભારતીય મૂળના ટોપ ૧૦ વિજ્ઞાનીમાં સમાવેશ,

ભારતીય વિજ્ઞાન મૉનિટરે અમદાવાદ રહેતા ભાવનગરના વિજ્ઞાનીનું નામ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીની યાદીમાં સમાવાયું : ડૉ. જોષી હાલ અમદાવાદ યુનિ.માં સ્પેસ એન્ડ કોસ્મોલોજીના ક્ષેત્રે કાર્યરત

ભાવનગર, તા.૧

સ્ટેનફોર્ડ યુનિવર્સિટીએ વિશ્વના સૌથી શ્રેષ્ઠ ૨% વિજ્ઞાનીઓની તાજેતરમાં યાદી બહાર પાડી છે જેમાં ભાવનગરના વતની અને અમદાવાદ રહેતા ભૌતિકશાસ્ત્રી અને વિજ્ઞાની ડૉ. પંકજભાઈ જોશીનો સમાવેશ થયો છે. ચૈન્નાઈના ભારતીય વિજ્ઞાન મૉનિટર (ઇન્ડિયન સાયન્સ મૉનિટર-ISM) દ્વારા તેમની થિંક ટેક્ક દ્વારા ડૉ. પંકજભાઈને વર્ષ ૨૦૨૩ માટે ભારતના અને ભારતીય મૂળના ટોપ ૧૦ વિજ્ઞાની પૈકીના એક તરીકે નામાંકિત કર્યા છે.

ઉપલબ્ધ વિગતો મુજબ સમગ્ર વિશ્વમાંથી વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે માહિતી એકઠી કર્યા બાદ ભારતીય વિજ્ઞાન મૉનિટરના તજ્જ્ઞોની ટીમે આ પસંદગી કરી છે. ભારતના (વિજ્ઞાનનાં તમામ ક્ષેત્રોમાંથી) અને વિશ્વના, ભારતીય મૂળના ટોચના ૧૦ વિજ્ઞાનીમાં નામ સામેલ કર્યું છે. તેમાં પ્રો. જયંત નારલીકર, ઇસરોના ટેસી થોમસ અને એમઆઈટી (યુએસએ) અને અન્ય લોકોનો સમાવેશ થાય છે.



વૈજ્ઞાનિક ડો.પંકજભાઇ જોષીએ રાષ્ટ્રીય કક્ષાએ પણ વિજ્ઞાન ક્ષેત્રે લોકો જાગ્રત થાય તે માટે સતત યોગદાન આપ્યું છે અને સામાન્ય માણસ સુધી વિજ્ઞાનને સરળ ભાષામાં પોતાના પુસ્તકો અને લેખો દ્વારા પહોંચાડ્યું છે. એસ્ટ્રોનોમી, કોસ્મોલોજી અને એસ્ટ્રો ફિઝિક્સ જેવા જટિલ વિષયોને એકદમ સરળ ભાષામાં સમજાવતા તેમના પુસ્તકો વિદ્યાર્થીઓ શિક્ષકો અને સંશોધકો તેમજ વિજ્ઞાન રસિકોમાં લોકપ્રિય થયા છે આ અનુસંધાને તેઓએ સાયન્સ અને કોસ્મોલોજી પર ૧૫ થી પણ વધારે પુસ્તકો લખ્યા છે અને અત્યાર સુધીમાં તેની અઢી લાખથી વધુ નકલો વહેંચાઈ ગઈ છે તેમના લોકપ્રિય પુસ્તકોમાં ધારા સૃષ્ટિ પ્રયોગોની મજા અને ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પબ્લિશ કરવામાં આવેલા અને ૬ ભાગમાં વહેંચાયેલા પુસ્તક શ્રેણી કુતૂહલનો સમાવેશ થાય છે.

ફેબ્રુઆરીમાં જર્મન વિજ્ઞાની સાબિન હોસેનફેલ્ડરે ડૉ. જોશીના સંશોધન અને પ્રદાન વિશે એક ચર્ચા તેમના રિસર્ચ પેપર વીડિયોમાં પ્રકાશિત કરી છે. ડો. જોશીએ બ્લેક હોલ ફિઝિક્સ અને ગ્રેવિટેશન થીયરીમાં યોગદાન આપ્યું છે તેમણે બ્લેક હોલ વિશે રજૂ કરેલી નેકેડ સિંગ્યુલારિટી નામની થિયરીનો વૈશ્વિક સ્તરે સ્વીકાર થયો છે.

ઘોઘા રોડ - મંત્રેશ ચોકડી પર ગેરકાયદે લારી ગલ્લા ખડકાતા રહિશોને અસહ્ય ત્રાસ

ભાવનગર, તા.૧

ભાવનગર શહેરમાં ઝડપથી વિકસી રહેલ રીંગ રોડ એટલે કે મંત્રેશ ચોકડી પર લારી ગલ્લાવાળાઓ બેફામ રીતે પોતાનો વ્યાપ વધારી રહ્યા છે ઝડપથી વિકસી રહેલ રિંગ રોડ પર અનેક સ્કીમો ડેવલપ થઈ રહી છે અને થઈ ગઈ છે એ ફલેટમાં રહેતા લોકો પણ લારી-ગલાવાળાઓના ત્રાસના કારણે ખૂબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ગેરકાયદે ખડકાયેલા લારીગલાવાળાઓની આજુબાજુ બેફામ રીતે સ્કૂટર તેમજ કાર પાર્ક કરેલા હોય છે જેથી કરીને રાહદારીઓને પણ ખૂબ જ તકલીફ રહે છે વિશેષમાં લારી ગલ્લા ઉપર અનેક અસામાજિક તત્વો અઢીંગો જમાવી અને ધીમે ધીમે પોતાનો વિસ્તાર હોય તેમ વર્તન કરી રહ્યા હોવાથી ત્યાં પસાર થઈ રહેલ બહેનો દીકરીઓને પણ ખૂબ જ શરમ અને સંકોચ અનુભવાય છે. ઉપરાંત મંત્રેશ ચોકડીથી રીંગરોડ વાળા રસ્તાના નાકે એપલ લકઝરીયા ફલેટની નીચે ટ્રેડર્સની દુકાનો પર માણસોના ટોળા જામતા હોય રહિશો ભારે હાડમારી વેઠી રહ્યા છે. વિવિધ માલ-સામાન રસ્તા પર મુકી દઇ સ્થાનિકોને બાનમાં લેતા આ તત્વો સામે મહાનગરપાલિકા કેમ કાંઇ કાર્યવાહી નથી કરતી તેવો સવાલ ઉઠ્યો છે. આ અંગે સત્તાવાળાઓ યોગ્ય કરશે કે આ ત્રાસ હજુએ વધુને વધુ વિસ્તરતો રહેશે ? તેમ સ્થાનિકો પુછી રહ્યા છે.

રીંગરોડના નાકે આવેલ એપલ લકઝરીયા ફ્લેટની નીચે દરરોજ ટોળા એકત્ર થતા હોય સ્થાનિકો ત્રસ્ત : મ્યુ. તંત્ર ક્યારે કાર્યવાહી કરશે ?

સિહોરમાં રૂપાલાના ફોટા સળગાવી દલિત સમાજના આગેવાનોએ વિરોધ કર્યો

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કાર્યકરોની અટકાયત કરાઇ

ભાવનગર,તા.૧

રાજય સભાના સાંસદ પરશોત્તમભાઇ રૂપાલાએ ‘દલિત સમાજનો કાર્યક્રમ કાઇ કામનો નથી’ એવુ કહી દલિત સમાજનુ જાહેરમાં અપમાન કર્યુ છે એના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી થાય અને તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી રજૂઆત સાથે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા સિહોર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેકટરને લેખિત ફરિયાદ કરવામા આવી હતી અને રૂપાલાના ફોટા સળગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ.

સિહોર પોલીસ દ્વારા રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના માવજીભાઇ સરવૈયા, હર્ષદભાઈ બામભણીયા, ડી પી રાઠોડ, અરવિંદભાઇ મકવાણા (ટેબુ), દલિત સમાજના આગેવાન ઈશ્વરભાઈ નમસા, હરેશભાઇ વાઢેર, મગનભાઇ મકવાણા સહિતના આગેવાનોની ઘરપકડ કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પર રિસર્ચ કરી ડોકટરની પદવી મેળવતા પ્રતીક ગઢવી

આરએસએસની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ અંગે રિસર્ચ કરી મહાનિબંધ પૂર્ણ કરનારનું સન્માન

ભાવનગર,તા.૧

પ્રતીક અનિલભાઇ ગઢવીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢમાંથી ઈતિહાસ વિષયમાં “રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ” (સૌરાષ્ટ્ર પ્રાંત)નાં સેવાકાર્ય પર રિસર્ચ સાથે મહા નિબંધ પૂર્ણ કરી ડોક્ટરની પદવી પ્રાપ્ત કરી છે.

૨૮મી માર્ચનાં રોજ ડો. પ્રતીક ગઢવીને ઈજીજીનાં (પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલક) ડો. જયંતિભાઇ ભાડેસીયાની અને કુલપતિ ડો. ચેતનભાઇ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે સન્માનિત કરાયા. આ મહાનિબધમાં પ્રત્યક્ષ માર્ગદર્શન પાઠવનાર ડો. વિશાલભાઇ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ મહા નિબંધમાં ડો. પ્રતીક ગઢવીએ આર.એસ.એસની સ્થાપના, શાખાનો પ્રારંભ, સંઘનાં વિવિધ કાર્યક્રમો અને આયામો, આર.એસ.એસનાં સેવાકાર્યો, ચીન અને પાકિસ્તાન સાથેનાં યુદ્ધ દરમિયાન આર.એસ.એસ દ્વારા પીડિતોને સહાય અને સેવા કાર્ય, કચ્છનાં ભૂકંપ વખતે હાથ ધરાયેલા સેવાકાર્યો, સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ દરમિયાન કરાયેલા કાર્યો, પૂર અને વાવાઝોડા દરમિયાન કરાયેલી લોકસેવા, કોરોનાની મહામારી દરમિયાન કરાયેલી સેવા વગેરે મહત્વનાં પાસાને આવરી લીધી છે.

સર્વોત્તમ ડેરી દ્વારા દૂધ ખરીદીમાં આજથી ભાવ વધારો, કીલો ફેટે રૂ. ૭૯૦ ચૂકવાશે

રૂ.૧૦નો વધારાથી મહિને પશુપાલકોને ચૂકવાશે રૂ.૧ કરોડની વધુ રકમ, ચેરમેન મહેન્દ્ર પનોતનો પશુપાલકોના હિતમાં નિર્ણય

ભાવનગર,તા.૧

ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, સર્વોત્તમ ડેરીના ચેરમેન મહેન્દ્રભાઈ પનોતના અધ્યક્ષ સ્થાને તા. ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ નિયામક મંડળની મળેલી મિટિંગમાં તમામ ઠરાવો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. દૂધના ખરીદભાવ અંગે ચર્ચા થતાં, હાલ ઉનાળા દરમ્યાન ગરમીને કારણે પશુની દૂધ ઉત્પાદકતામાં થયેલ ઘટાડાને ધ્યાનમાં લઈ પશુપાલન વ્યવસાય વધારે નફાકારક બને તેમજ સર્વોત્તમ ડેરી સાથે જોડાયેલ પશુપાલક પરિવારોનું જીવનધોરણ દૂધના વ્યવસાય થકી ઊંચુ આવે તેવા હરહંમેશ પ્રયત્નો કરી જિલ્લાના છેવાડાના લોકો સુધી વધારે વળતર મળે તેવા આશયથી દૂધના ખરીદભાવમાં વધારો કરવામાં આવેલ છે.

હાલ કીલો ફેટે રૂ. ૭૮૦ ચૂકવાય રહ્યા છે તેમાં રૈ. ૧૦ નો વધારો કરી દૂધના વેચાણ ભાવમાં કે સર્વોત્તમ દાણના વેચાણ ભાવમાં વધારો કર્યા વિના સતત બીજીવાર તા. ૦૧.૦૪.૨૦૨૪થી અમલમાં આવે તે રીતે ખરીદભાવ રૈ. ૭૯૦ કરવામાં આવેલ છે. આ ભાવવધારાથી એપ્રિલ મહિનામાં દૂધ ઉત્પાદકોને એક કરોડ જેટલી વધારે રકમ મળશે. જેથી દૂધ ઉત્પાદકોને પશુપાલન વ્યવસાય નફાકારક બનશે.

સર્વોત્તમ ડેરીના ચેરમેન મહેન્દ્રભાઈ પનોતના કરકસર અને કુનેહપૂર્વકના વહીવટ દ્વારા જિલ્લાના દૂધ ઉત્પાદકોની જીવાદોરી સમાન સર્વોત્તમ ડેરી દ્વારા રેકોર્ડબ્રેક દૂધના ખરીદભાવ ચુકવવામાં હંમેશા અગ્રેસર રહી જિલ્લામાં શ્વેતક્રાંતિ થકી આર્થિક ક્રાંતિ લાવવામાં અમૂલ્ય ફાળો રહેલ છે.

વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર આનંદબાવાના હસ્તે વૃક્ષારોપણ

વૈદ્ય રસીકભાઇ શેઠ માર્ગ

ભાવનગર, તા.૧

ગત રવિવારેના રોજ સવારે વૈષ્ણવ સંપ્રદાયના ગુરુદેવ પૂ. આનંદબાવાના હસ્તે ભાવનગરના વૈદ્ય રસિકભાઈ શેઠ માર્ગ પર ડીવાઈડરમાં બોરસલીના વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એપેક્ષ સોફટવેરના કિલોનભાઈ મહેતાના તમામ સ્ટાફ સભ્યો તથા ગ્રીનસીટીના સભ્યો દ્વારા પણ ૩૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આનંદબાવાએ જણાવ્યું હતું કે આ રોડ આજથી પાંચ વર્ષ પહેલા એકદમ સુકો અને વેરાન હતો. પરંતુ ગ્રીનસીટી દ્વારા નાખવામાં આવેલ ૫૦૦૦ વૃક્ષોને કારણે આજે આ રોડ લીલોછમ થઈ ગયો છે.ઘટાટોપ વૃક્ષો માનવ અને પશુને છાયો અને ઠંડક આપે છે અને પર્યાવરણને સુધારે છે. તેઓએ જણાવ્યું હતું કે દેવેનભાઈ શેઠની ૧૧ વર્ષની મહેનત હરીયાળી રૂપે સમગ્ર ભાવનગરમાં દેખાઈ રહી છે. આ પ્રસંગે ગ્રીનસીટીના દેવેનભાઈ શેઠ, કિલોનભાઈ મહેતા, તારકભાઈ શાહ, પિયુષભાઈ વ્યાસ સહિતના સભ્યો હાજર રહ્યા હતાં.

લોકસભા ચૂંટણી, ઈદ નિમિત્તે પોલીસનુ નાઈટ વાહન ચેકિંગ

તસવીર : મૌલીક સોની

ભાવનગર, તા.૧

આગામી દિવસોમાં મુસ્લિમ સમાજનો રમજાન ઈદનો તેહવાર તથા લોકસભાની ચૂંટણી આવી રહી છે તેને લઈને ભાવનગર પોલીસ તંત્ર દ્વારા રાત્રીના સમયે અલગ અલગ વિસ્તારોમાં વાહન ચેકિંગ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.

હાલમાં મુસ્લિમ સમાજના રમજાનમાં ચાલી રહ્યો છે અને આગામી દિવસોમાં ઈદનો તહેવાર આવી રહ્યો છે આ ઉપરાંત લોકસભાની ચૂંટણી પણ જાહેર થઈ ગઈ છે અને સાતમી મેના રોજ ભાવનગર બેઠક પર ચૂંટણી યોજનાર છે અને નજીકના દિવસોમાં જાહેરનામું પણ પ્રસિદ્ધ થનાર હોય કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેવા હેતુ સાથે ભાવનગર પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ સાથે રાત્રી દરમિયાન પણ વાહન ચેકિંગ કામગીરી શરૂ કરવામાં આવી છે.

શહેરમાં કોઈપણ પ્રકારના અનિચ્છનીય બનાવો ન બને તે માટે શહેરના પ્રવેશ દ્વાર સહિત વિવિધ વિસ્તારોમાં ફોરવીલ તથા ટુવ્હિલરો ચેક કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાડીઓની અંદર કોઈપણ પ્રકારની વસ્તુઓ લાવવામાં ન આવે તેના હિસાબે વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યા હતા અને જરૂરિયાત ડોક્યુમેન્ટ ચેક કરવામાં આવી રહ્યા છે.

તપસીબાપુની પુણ્યતિથિની આસ્થાભેર થશે ઉજવણી

કૃષ્ણપરા ગામે આશ્રમમાં ભાવિક સેવકો પૂજન દર્શન અને પ્રસાદ લાભ લેશે

સણોસરા, તા.૧

સણોસરા પાસેનાં કૃષ્ણપરા ગામે આગામી રવિવારે તપસીબાપુની પુણ્યતિથિની આસ્થાભેર ઉજવણી થશે. અહી આશ્રમમાં ભાવિક સેવકો પૂજન દર્શન અને પ્રસાદ લાભ લેશે.

આગામી રવિવાર તા.૭ ફાગણ વદ તેરશ તપસીબાપુની ૩૪મી પુણ્યતિથી પ્રસંગે ભાવિક સેવકો દ્વારા સુંદર પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે કૃષ્ણપરા ગામે આશ્રમમાં ભક્તિભાવ અને આસ્થા સાથે ઉજવણી આયોજન થઈ રહ્યું છે.

સણોસરા પાસે કૃષ્ણપરા ગામે તપસીબાપુ આશ્રમમાં થયેલ આયોજન અંગે અહીંના અગ્રણી હરિશંગભાઈ ગોહિલે જણાવ્યા મુજબ આગામી રવિવારે પુણ્યતિથિની આસ્થાભેર ઉજવણી થનાર છે, જેમાં આસપાસનાં ગામોનાં ભાવિક સેવકો અહીંયા હનુમાનજી મંદિર અને સમાધિ સ્થાન ઉપર પૂજન દર્શન અને પ્રસાદ લાભ લેશે.

અંતરિક્ષની સુવ્યવસ્થિત રચના એ પરમ આશ્ચર્ય - લોકવૈજ્ઞાનીક અરુણભાઈ દવે

લોકભારતી સણોસરામાં યોજાયેલ આકાશ અને બ્રહ્માંડ દર્શન કાર્યશાળા ’ચાલો, ગગનને નીરખીયે...’

ઈશ્વરિયા, તા.૧

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં યોજાયેલ આકાશ અને બ્રહ્માંડ દર્શન કાર્યશાળા ’ચાલો, ગગનને નીરખીયે...’ અંતર્ગત વક્તવ્ય આપતાં લોકવૈજ્ઞાનીક અરુણભાઈ દવેએ અંતરિક્ષની સુવ્યવસ્થિત રચના એ પરમ આશ્ચર્ય હોવાનું જણાવ્યું.

સ્વર્ગસ્થ બળવંતભાઈ પારેખ જન્મશતાબ્દી નિમિત્તે લોકવિજ્ઞાન કેન્દ્ર લોકભારતી સણોસરા અને વિજ્ઞાનનગરી ભાવનગર દ્વારા આકાશ દર્શન અને બ્રહ્માંડ દર્શનની એક દિવસીય કાર્યશાળા ’ચાલો, ગગનને નીરખીએ...’ આયોજન અંતર્ગત ઉદ્દઘાટન અને ચાવીરૂપ વક્તવ્ય આપતાં લોકવૈજ્ઞાનીક અરુણભાઈ દવેએ આપ્યું.

ખગોળ વિજ્ઞાની અરુણભાઈ દવેએ સાહજિક શૈલીમાં વક્તવ્ય આપતાં અંતરિક્ષની સુવ્યવસ્થિત રચના એ પરમ આશ્ચર્ય હોવાનું જણાવી દ્રવ્ય અને ઉર્ઝાનાં સમન્વયની વાત કરી. ખગોળ રહસ્ય એ માયાવી અને રસિક હોવાનું જણાવી વિશ્વનાં તમામ વિષયોનો સ્રોત અહીંયા હોવાનું જણાવી ખગોળ અને અંતરિક્ષની ભેદ રેખા સ્પષ્ટ કરી. ખગોળ દિવ્ય અને અંતરિક્ષ ભવ્ય છે. તેઓએ આ વિષયમાં આપણાં અવલોકન અને અનુભૂતિ સાથે આધુનિક સંશોધન નિષ્કર્ષ પર પ્રકાશ પાડ્યો, તેઓએ સૂર્ય ચંદ્ર ગતિ, રાશી, નક્ષત્રો સંદર્ભે અનુમાન આધારિત આપણે પાડેલાં કાલ્પનિક ભાગો આજે પણ સચોટ હોવાનું સાનંદ જણાવ્યું.

બ્રહ્માંડ અસ્તિત્વ પરિબળો વિશે જામનગરનાં ખગોળ રસિક અમિતભાઈ વ્યાસ દ્વારા માર્ગદર્શન આપતાં કહ્યું કે આ બધી અવકાશીય ઘટનામાં નવું કશું નથી, પરંતુ કશુંક હતું જેમાંથી કશુંક થયું છે.

પ્રારંભે સંસ્થાનાં વડા અને કાર્યશાળાનાં સંયોજક હસમુખભાઈ દેવમુરારિએ આવકાર અને પરિચય સાથે ભૂમિકા આપતાં લોકભારતીના વિવિધ ઉપક્રમો લોકો સુધી પહોંચાડવા માટે હોવાં અંગે જણાવ્યું.

સંચાલનમાં કાર્યશાળા સંયોજક ધરતીબેન જોગરાણા રહ્યા જેઓએ પૂરક વિગતો ઉમેરી હતી.

‘ચાલો, ગગનને નીરખીયે...’ કાર્યશાળામાં નોંધણી કરાવેલ વિદ્યાર્થીઓ તેમજ અન્ય રસિકોએ ભારે જિજ્ઞાસા સાથે લાભ લીધો. પ્રારંભમાં કુમારી પ્રાર્થના પંડ્યા અને વિદ્યાર્થીઓ દ્વારા ‘સૂર્ય મંડળની સફરે...’ ગીત અભિનય રજૂ થયેલ.

આકાશ દર્શન સાથે પૌરાણિક કથાઓની વિગતો આ કાર્યશાળાનાં સંયોજકો હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબેન જોગરાણા દ્વારા મળેલ. અહીંયા અનિરુદ્ધભાઈ અધ્વર્યુ તથા દર્શનભાઈ પાઠક દ્વારા દૂરબીન વડે આકાશ દર્શન લાભ મળ્યો.

બળજબરીથી કઢાવી લેવાના ગુન્હાનો ફરાર આરોપી ઝબ્બે

ભાવનગર, તા.૧

ભાવનગર, પેરોલ ફર્લો સ્કવોડના માણસો ભાવનગર ગ્રામ્ય વિસ્તારમાં નાસતા-ફરતા આરોપીઓની હકિકત મેળવવા પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, દાઠા પોલીસ સ્ટેશનમાં આરોપીઓએ સહ આરોપી સ્ત્રી પાસે ફરિયાદીને વિડીયોકોલ કરાવી સ્ક્રીન શોટ પાડી ફરિયાદીને ધાક ધમકી આપી બળજબરીથી કઢાવી લેવાના ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપી અનિલભાઇ રાઘવભાઇ રંગપરા રહે.હાલ-ગુજરાત હાઉસીંગ, જુની બોમ્બે માર્કેટની સામે, સુરત, મુળ ગામ-ગઢડા, જી.બોટાદ વાળો નારી ચોકડી રોડ ઉપર ઉભો છે.

જે બાતમીવાળી જગ્યાંએ તપાસ કરતાં અનિલભાઇ રાઘવભાઇ રંગપરા હાજર મળી આવતાં તેને ઝડપી લઇ દાઠા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

વિશ્વના બિઝનેસ હબને તોડવાનું ષડયંત્ર

છેલ્લા કેટલાક દાયકાઓથી વિશ્ર્વ સૌથી મોટું કોઈ બિઝનેસ હબ હોય તો તેમાં હોંગકોંગ પ્રથમ સ્થાને આવે છે અત્યાર સુધી બિઝનેસ વિશ્વવ્યાપી કરવો હોય તો હોંગકોંગમાં આપની કોર્પોરેટ ઓફિસ હોવી જરૂરી છે પરંતુ હોંગકોંગમાં આજે કંઈ ચાલી રહ્યું છે તે આશ્ચર્યજનક તો છે જ પરંતુ સાથોસાથ આઘાતજનક પણ છે વિશ્વના સૌથી મોટા આ બિઝનેસ હબને તોડવા માટે રીતસર નું ષડયંત્ર અમલમાં આવી ચૂક્યું છે અને તે કાવતરું સફળ પણ થઈ રહ્યું છે.વિશ્વના સૌથી મોટા બિઝનેસ અપને તોડવા માટે કોણ મેદાનમાં ઊતર્યું છે તે એક જગ જાહેર થતાં માની ન શકાય તેવી વસ્તુ છે. હોંગકોંગમાં હાલમાં એક જોક ખૂબ ચાલી રહ્યો છે.'ગ્લોબલ કેપિટલ ડાર્લિંગ' નો દરજ્જો ગુમાવી દેવાને કારણે સ્થાનિકો તેની હાંસી ઉડાવી રહ્યા છે અને કહી રહ્યા છે હવે આ શહેર માત્ર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ બની ગયું છે.!!!

આમ થવા પાછળનું કારણ કલમ ૨૩ છે જેને ગત અઠવાડિયે જ અહીં લાગુ કરવામાં આવી છે. આ કડક સુરક્ષા કાયદો છે જેના કારણે ચિંતાઓ વધી છે. સત્તાવાળાઓ કહે છે કે આ કાયદાને કારણે શહેરની સુરક્ષામાં વધારો થશે જ્યાકે ટીકાકારો કહે છે કે બંધબારણે થઈ રહેલા ટ્રાયલો અને રાજદ્રોહ તથા બળવાના આરોપસર અપાતી જનમટીપની સજાને કારણે અનેક લોકોના મોં બંધ કરી દેવામાં આવશે. સુરક્ષા કારણોસર પોતાનું આખું નામ છતું ન કરવા ઇચ્છતા રિયલ એસ્ટેટ સર્વેયર મિ. ચાન કહે છે, "આ કાયદો એવા સમયે આવી રહ્યો છે જ્યારે હોંગકોંગ પર ચીનનો લોખંડી પંજો વધુ મજબૂત થઈ રહ્યો છે તથા અમેરિકા અને ચીન વચ્ચેનો તણાવ વધી રહ્યો છે. આ કારણોને લીધે અહીં રોકાણકારો પહેલેથી જ ભાગી રહ્યા છે."તેઓ કહે છે, "હોંગકોંગને લોકો ચીનથી અલગ ગણતા હતા અને તેના કારણે જ અહીં તેઓ રોકાણ કરતા હતા. પરંતુ હવે એમ નહીં થાય."

જોહાનિસ હેક કહે છે કે, "અત્યારથી એ વાતનું અનુમાન લગાવી ન શકાય કે આ કલમ ૨૩ના લાગુ થવાથી વેપારને કેટલી અસર થશે. આ કાયદામાં રહેલા 'ગંભીર શબ્દો' અને જો તેનો ભંગ થાય તો ભોગવવા પડે તેવા ગંભીર પરિણામોને કારણે, આ કાયદાનું પાલન કરાવવા માટે કંપનીઓનો ખર્ચ વધી શકે છે." "કલમ ૨૩ને કારણે આ શહેરની સમૃદ્ધિમાં ઘણો વધારો થશે. તેના કારણે સામાન્ય વેપારને કોઈ ફર્ક નહીં પડે. જ્યારે અન્ય દેશોમાં પણ સુરક્ષા કાયદાઓ હોય ત્યારે હોંગકોંગને તેનાથી અલગ ન રાખી શકાય. હોંગકોંગમાં કલમ ૨૩ એવા સમયે લાગુ કરવામાં આવી છે જ્યારે શહેરનું વ્યવસ્થાપન તંત્ર વિશ્વને હજુ પણ આશ્વસ્ત કરવાના પ્રયત્નો કરી રહ્યું છે કે હોંગકોંગ હજુ પણ નાણાકીય રીતે ગતિશીલ છે. આ કલમ ૨૦૨૦માં ચીને લાદેલા રાષ્ટ્રીય સુરક્ષા કાયદનું વધુ વિસ્તરણ કરે છે. હોંગકોંગ જનરલ ચેમ્બર ઓફ કોમર્સ એવી દલીલ કરે છે કે, "આ કલમના લાગુ થવાથી હોંગકોંગ એ સ્થાનિક અને વિદેશી વ્યાપાર જૂથો માટે વધુ સુરક્ષિત સ્થળ બનશે." ૨૦૧૯માં લોકશાહી માટે થયેલા વિરોધપ્રદર્શનો અને કડક ઝીરો-કોવિડ નીતિ બાદ હોંગકોંગની અર્થવ્યવસ્થાને ચીનના ક્રેકડાઉનને કારણે અસર થઈ છે.

વેપાર માટેની જગ્યાઓ અને છૂટક જગ્યાઓ માટેના ભાડામાં ઘટાડો થયો છે. તેના કારણે ઓફિસની ઇમારતો અને દુકાનની જગ્યાઓ ખાલી પડી છે.

હોંગકોંગમાં પ્રવાસીઓ પણ ઓછા આવી રહ્યા છે. ગત વર્ષે જેટલા પ્રવાસીઓ આવ્યા એ કોવિડ મહામારી પહેલાં જેટલા પ્રવાસીઓ આવ્યા એ આંકડાના માત્ર ૬૦ ટકા હતા.

રાજકીય સંકલ્પ પત્રોમાં ગાંધીના ગુજરાત માટે એક ડગલું

વિકાસ અને વિકલ્પ

-ડૉ. નાનક ભટ્ટ

ત્રિપુરા ઔદ્યોગિક રીતે દેશનું સૌથી પછાત રાષ્ટ્ર ગણાય છે. એની ભૌગોલિક પરિસ્થિતિ, વસ્તીનો પ્રકાર, શિક્ષણનું સ્તર, ઇત્યાદિ બાબતો રાજ્યમાં મોટા અને મધ્યમ કદના ઉદ્યોગોની સ્થાપનામાં અવરોધરૂપ છે. તાજેતરમાં રાજ્યમાં વિપુલ માત્રામાં કુદરતી ગેસ મળી આવતાં હવે ઉદ્યોગો સ્થાપવાની આશા જન્મી છે. જો કે રાજ્યમાં હજુ સુધી આ દિશામાં કોઈ નક્કર પ્રગતિ થઈ નથી..

ઓરિસ્સામાં પ્રાકૃતિક સાધનોનો વિપુલ ભંડાર છે. એ જોતાં કૃષિ તેમજ વન સંપત્તિનો યોગ્ય ઉપયોગ થાય તો રાજ્યમાં લઘુ ઉદ્યોગના વિકાસની તકો ઝડપથી વિકસી શકે. ત્રિપુરાના ગ્રામ વિસ્તારોમાં લઘુ ઉદ્યોગો સ્થાપવાથી આ વિસ્તારોનો વિકાસ થઈ શકે એમ છે. અને રોજગારીની તકોમાં વધારો થઈ શકે તેમ છે. ત્રિપુરામાં ગ્રામ વિસ્તારોના કારીગરોની ઉપેક્ષા થઈ છે. દેશના ભાગલા પછી, એ સમયના પૂર્વ બંગાળના વણકરો તેમજ કુશળ કારીગરોએ ત્રિપુરામાં આશરો લીધો હતો. રાજ્યમાં આદિવાસી વણકરો પણ કૌશલ્ય ધરાવતા હતા. આ વણકરો, વાંસકામમાં કુશળ રહ્યા છે. આદિવાસી કારીગરો, કુંભાર કામ, મોચી કામ, તેલની ઘાણીના ઉદ્યોગ સાથે સંકળાયેલ છે. ત્રિપુરામાં મમરા બનાવતા કારીગરોની સંખ્યા આજે પણ ઘણી મોટી છે. પરંતુ એમનું કૌશલ્ય હજી ઢંકાયેલું રહ્યું છે અને રાષ્ટ્રનું ધ્યાન આ કારીગરો તરફ નથી દોરાયું.

પણ વર્ષ ૨૦૦૦ પછી આ દિશામાં ખાદી આંદોલન દ્વારા નોંધપાત્ર પહેલ થઈ. તાજેતરનાં વર્ષોમાં તો લોકોમાં ખાદી વિશેના પરંપરાગત ખ્યાલોમાં મોટું પરિવર્તન આવ્યું છે. ખાદીની વૈશ્વિક માંગમાં વૃદ્ધિ થઈ છે અને એનું બજાર વ્યાપક બનવા માંડ્યું છે. ખાદીની ડિઝાઈન, વણાટની ગુણવત્તા અને કાપડના ઉત્પાદન વગેરે ઘણી બાબતોમાં બદલાવ આવ્યો છે. ત્રિપુરા સરકારે ખાદી ઉદ્યોગના વિકાસ દ્વારા ગ્રામીણ કારીગરોના ઉદ્ધાર માટે કેન્દ્ર સરકાર સાથે મળી અનેકવિધ પગલાં ભર્યાં છે, અને ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે વિકાસના અંતરાયો દૂર કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે ખાદીના વારસાગત વણાટ ઉદ્યોગ માટે અને ધંધાકીય વિકાસ માટે રૂ.૨૨૫ કરોડના ખર્ચે પાંચ વર્ષનું પેકેજ જાહેર કર્યું છે, જેમાં ત્રિપુરા સહિત ઉત્તર-પૂર્વનાં રાજ્યો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.

બદલાતી સામાજિક જરૂરિયાતોને સાંકળતાં રાજ્ય સરકારે ખાદી ક્ષેત્રના કારીગરો માટે વીમા યોજના અમલમાં મૂકી છે. રાજ્યના અંદાજપત્રમાંથી રૂ.૩૯૦ કરોડની ફાળવણી પણ થઈ છે. તથા રૂ.૮૨૫ કરોડનાં સંસ્થાકીય ધિરાણોનો કાર્યક્રમ શરૂ કરાયો છે. ખાદી-ગ્રામોદ્યોગની બનાવટોના વેચાણ માટેનાં માર્કેટિંગની વ્યૂહરચના ધરમૂળથી બદલવામાં આવતાં ખાદીની ગુણવત્તા ઉપર હવે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ખાદી અને ગ્રામોદ્યોગ પંચે દેશના સ્વાતંત્ર્યની મૂળ વિભાવનાને અમલી બનાવી છે. આ યોજનાનો ઉદ્દેશ પ્રજાના ચોક્કસ વર્ગો જેઓ આજ સુધી ખાદી-ગ્રામોદ્યોગ પ્રવૃત્તિથી અળગા રહ્યા છે એમને આ પ્રવૃત્તિ હેઠળ આવરી લેવાનો છે.

ખાદી અને ગ્રામોદ્યોગ પંચની અનેકવિધ યોજનાઓ મારફત ત્રિપુરામાં ખાસ કરી તે ગ્રામ વિસ્તારોમાં રોજગારી વધારવાનો, સ્વરોજગારી મારફત પ્રત્યક્ષ રોજગારી વધારવાનો અવકાશ ઉજળો બન્યો છે. ગ્રામીણ બેંકોની માર્જિન મની સ્કીમ મારફત ગ્રામ ઓદ્યોગિકીકરણ શકય છે. રાજ્યમાં ગ્રામ વિસ્તારોમાં આ યોજના અમલી બનાવવા ત્રિપુરા સરકાર તેમજ ત્રિપુરા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે પણ પગલાં ભર્યાં છે. એટલું જ નહીં પણ રાજ્યની ખાદી પ્રવૃત્તિ આગળ ધપાવવા અનિવાર્ય પગલાં લેવાની શરૂઆત થઈ ચૂકી છે.

ત્રિપુરામાં હસ્તકલા અને માટીકામ ઉદ્યોગના વિકાસમાં રાજ્ય સરકાર અને ખાદી બોર્ડે જે સક્રિયતા દાખવી તેથી નાના કારીગરો બેંક લોનની પરત ચૂકવણી વિશે વધુ જાગૃત બન્યા છે. ગ્રામોદ્યોગ ક્ષેત્રની વિવિધ યોજનાઓ ત્રિપુરાના ગ્રામ વિસ્તારોના ઔદ્યોગિકીકરણ માટે અને એ દ્વારા ગ્રામ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે અનુકૂળ અને સહાયક પુરવાર થઈ છે. અને એથી જ ખાદી ગ્રામોદ્યોગ પંચે ત્રિપુરાની કાયાપલટ માટે રાજ્યમાં ગ્રામોદ્યોગલક્ષી યોજનાઓનો અધિક અમલ થાય એના ઉપર એનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ત્રિપુરાના ગરીબ અને પીડિત લોકો હવે પોતાની હુન્નર કળા અને કારીગરીથી જાણીતા બનતાં આજે ત્રિપુરાનાં વણાટકામ, માટીકામ અને વાંસકામ દેશમાં પ્રચલિત બન્યાં છે. દેશભરમાં ત્રિપુરાએ પોતાની આગવીઓળખ ઉભી કરી છે. ત્રિપુરાનાં ભીંતચિત્રો પણ દેશ-વિદેશમાં જાણીતાં બન્યાં છે. પ્રાકૃતિક રીતે અતિ રમણીય ત્રિપુરામાં પ્રવાસન ઉદ્યોગ વિસ્તરી રહ્યો છે. તે સાથે ગેસ આધારિત ઉદ્યોગો વિસ્તરે, શિક્ષણનું સ્તર વિસ્તરે અને પૂર્વ ભારતના તટવિસ્તારમાં ત્રિપુરા એકવીસમી સદીનું વિકાસ કેન્દ્ર બની રહેતે માટે સરકાર સજાગ જણાય છે.

ત્રિપુરામાં જે રીતે શૂન્યમાંથી સર્જન થયું અને લાખ્ખો ગરીબો પગભર થયા. રાજ્ય સરકાર, ગૃહ ઉદ્યોગો અને આમ લોકોની આવડતના સમન્વય થકી જે રચનાત્મક સહયોગ વિકસ્યો તે શું સૌરાષ્ટ્રમાં શય નથી ? આઝાદી પહેલાં સ્થપાયેલ કાઠિયાવાડ ખાદી સંઘ દ્વારા સૌરાષ્ટ્રમાં મજબૂત મંડાણ નંખાયું છે. પણ તે પછી ઉપાડ થયો નહીં. ગોંડલમાં ઉદ્યોગ ભારતી, ભાવનગર જિલ્લાના મહુવા ગામે ગ્રામ વિકાસ સંઘ અને રાજકોટમાં સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ જે સફળ પ્રયોગો કર્યા તે પ્રકારે બીજે ક્યાંય શક્ય બન્યું નહીં. આથી સૌરાષ્ટ્રના રબારી, કાઠી રાજપૂત અને કોળી લોકોમાં જે કસબ છે તે હવે તૂટી રહ્યા છે. જામનગર અને વઢવાણ શહેરનું બાંધણી કામ મૃતપ્રાય સ્થિતિએ પહોંચ્યું છે.

બીજી ઓકટોબરથી એક માસ માટે રાજ્ય સરકારની સબસિડી ઉમેરી ખાદીમાં વળતર યોજના રહેતી હોય છે. પણ વળતર આવતાં પહેલાં ખાદીની સંસ્થાઓ માલ-સામાની કિમતમાં વધારો કરી નવી પ્રાઈસ-ટેગ લગાડી છેવાડાના માણસના વિકાસને કોળવા દેતા નથી. આથી જન-જન સુધી ખાદીના વિચારને પહોંચાડવામાં ક્ષતિ પહોંચે છે, ખાદી પોતાની ગુણવત્તા ગુમાવી દે છે અને બજારના અન્ય કાપડ સામે જર્જરિત સાબિત થાય છે. ગુજરાતના જાણીતા ચિંતક શ્રી મનુભાઈ પંચોળી કહેતાઃ "ખાદી ઉપર વળતર એ ઓક્સિજન છે. માંદો માણસ ઓક્સિજનથી સાજો થાય. પણ ઓક્સિજનના સિલિંડર ખભે રાખી માણસ જીવી શકે નહીં."

રાજ્ય સરકાર સ્વર્ણિમ ગુજરાતને એક આંદોલન બનાવી રહ્યું છે ત્યારે આ વાતનો ખ્યાલ રહે કે ગરીબ અને મધ્યમ વર્ગના લાખ્ખો ગુજરાતી કારીગરોને ખાદી-ગ્રામોદ્યોગ દ્વારા સાંકળી શકાય તો રાજ્યના વિકાસનો પથ વધુ મજબૂત અને કાયમી બની રહેશે. જોકે આ કામ હવે ખાદીની સંસ્થાના ભરોસે છોડવાના બદલે રાજકીય પક્ષોએ પોતાના મેનીફેસ્ટોમાં ઉપાડી કોઈ નવી વ્યવસ્થા દ્વારા સાકાર કરવાનો વખત આવી ગયો છે. ઓરિસ્સામાં જે થયું તે ગાંધીના ગુજરાતમાં ન થાય ?

એક્સ મુસ્લિમો : ભારતમાં ઈસ્લામ છોડનારા લોકોની સંખ્યા વધી રહી છે !

ભેદભાવ અને રૂઢિચુસ્તતા જેવા કારણોસર ઈસ્લામને છોડી રહ્યા છે

હાલ સમગ્ર વિશ્વમાં ઈસ્લામ માટે એક મોટા ખતરો ઉભો થઈ રહ્યો છે.અને એ ખતરો છે ઠ-મુસ્લિમોની વધતી જતી વસ્તી છે. ઠ- મુસ્લિમો એટલે કે ભૂતપૂર્વ મુસ્લિમો માત્ર પોતે જ ધર્મ છોડી રહ્યાં નથી, પરંતુ તેઓ વિવિધ મંચો પર ઇસ્લામની ટીકા પણ કરી રહ્યાં છે.અને તેઓ અન્ય લોકોને ઇસ્લામ છોડવા માટે પ્રેરિત કરે છે.અને તેના કરાણે અમેરિકામાં દર વર્ષે એક લાખ લોકો ઇસ્લામ છોડી રહ્યા છે.

જો આપણે ઇસ્લામમાં માનનારા લોકોની વસ્તી પર નજર કરીએ, તો આજે તે ખ્રિસ્તી ધર્મ પછી વિશ્વનો સૌથી મોટો ધર્મ છે. અને આ સાથે જ તે સૌથી ઝડપથી વિકસતો ધર્મ પણ છે, પરંતુ હાલમાં તે એક એવા ખતરાનો સામનો કરી રહ્યો છે જેનો તેણે પહેલા ક્યારેય સામનો કર્યો ન હતો.અને આ ખતરો વિશ્વમાં ઇસ્લામ છોડી ચૂકેલા લોકોની વધતી જતી વસ્તીને કારણે ઊભો થયો છે.જેઓ પોતાને ભૂતપૂર્વ મુસ્લિમ તરીકે ઓળખાવે છે. જોકે ઇસ્લામમાં ધર્મ છોડવું ખરાબ માનવામાં આવે છે. ઇસ્લામ છોડવાનો પ્રયાસ કરનારાઓને હિંસાનો સામનો કરવો પડે છે. પરંતુ ઠ-મુસ્લિમોની વધતી વસ્તી દર્શાવે છે કે આ પરિસ્થિતિ હવે બદલાઈ રહી છે.અને વિશ્વભરમાં મોટી સંખ્યામાં એવા લોકો ઉભરી આવ્યા છે જેમણે ઈસ્લામ છોડી દીધું છે.

૨૦૧૮ માં પ્રકાશિત પ્યુ રિસર્ચ સેન્ટરનો અહેવાલ દર્શાવે છે કે અમેરીકામાં મુસ્લિમ પરિવારમાં ઉછરેલા પુખ્ત વયના ૨૩ ટકા લોકો હવે પોતાને મુસ્લિમ તરીકે ઓળખાવતા નથી.અને ઇસ્લામ છોડનારાઓમાં ૭ ટકા લોકોએ કહ્યું કે તેઓ તેની ઉપદેશો સાથે સહમત નથી.. . એંગ્લિકન ઇન્ક.ના અહેવાલ મુજબ, યુ.એસ.માં થયેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે લગભગ ૫૫ ટકા ભૂતપૂર્વ મુસ્લિમો નાસ્તિક બની જાય છે, લગભગ ૨૫ ટકા ખ્રિસ્તી બને છે જ્યારે અન્ય ૧૦ ટકા અનિર્ણિત છે. તો માત્ર ઇસ્લામમાં જ નહીં, પણ ખ્રિસ્તી, હિંદુ, બૌદ્ધ અને યહૂદીઓમાં પણ મોટી સંખ્યામાં લોકો ધર્મ છોડે છે પરંતુ એક વસ્તુ જેઓ ઇસ્લામ છોડે છે તેમને અન્ય લોકોથી અલગ બનાવે છે.

જેઓ અન્ય ધર્મો છોડી દે છે તેમાંથી મોટાભાગના લોકો પોતાને નાસ્તિક કહે છે, જ્યારે ઇસ્લામ છોડનારાઓ પોતાને ભૂતપૂર્વ મુસ્લિમ તરીકે ઓળખાવે છે.ઇસ્લામિક સમાજમાં જ્યાં ધર્મ છોડવો મોટો વર્જિત માનવામાં આવે છે, ત્યાં ખુલ્લેઆમ તેની જાહેરાત કરવામાં એક મોટો સંદેશ છુપાયેલો છે.સામાન્ય રીતે, ઇસ્લામિક દેશોમાં ઇસ્લામ છોડવું ગેરકાયદેસર છે, પરંતુ યુરોપ અને અમેરિકા જેવા સ્થળોએ જ્યાં તે કાયદેસર છે, ત્યાં પણ આવું કરનારા ભૂતપૂર્વ મુસ્લિમોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એક ખાનગી સમાચાર સંસ્થાએ ૨૦૧૫માં તેની તપાસમાં શોધી કાઢ્યું હતું કે બ્રિટનમાં ઈસ્લામ છોડનારાઓને અત્યાચારનો સામનો કરવો પડે છે. માત્ર સમાજ જ નહીં પરંતુ પોતાના પરિવારના લોકો પણ આમાં સામેલ છે.અને આવી સ્થિતિમાં પૂર્વ મુસ્લિમોનું આગળ આવવું આવા લોકોને હિંમત આપે છે.

૨૦૦૭ માં જર્મનીમાં ભૂતપૂર્વ મુસ્લિમોની સેન્ટ્રલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી હતી. ભૂતપૂર્વ મુસ્લિમો માટે આ પહેલું મોટું પ્લેટફોર્મ હતું. ત્યારથી ,પશ્ચિમી દેશોમાં આવા ઘણા જૂથો ઉભરી આવ્યા છે, જે ઇસ્લામ છોડનારાઓને મદદ કરે છે. ઉદાહરણ તરીકે, અમેરિકાની એક્સ-મુસ્લિમ સંસ્થા આ કરનારાઓને સમર્થન આપે છે. ઇસ્લામ વિરુદ્ધની દલીલો મજબૂત રીતે ઉઠાવે છે અને સ્ત્રીઓ સાથે અસમાન વર્તન અને બહુપત્નીત્વ જેવા અવ્યવસ્થિત મુદ્દાઓ ઉઠાવે છે. ઇસ્લામ સામે આ એવી સ્થિતિ છે જેનો તેણે પહેલાં સામનો કર્યો નથી તેની અસર પણ જોવા મળી રહી છે. યુરોપમાં સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતો દેશ ફ્રાંસ જેમાં ૧૫,૦૦૦ મુસ્લિમો છે, જ્યારે અમેરિકામાં દર વર્ષે એક લાખ મુસ્લિમો ધર્મ છોડી દે છે. ભારતમાં ઇસ્લામ છોડનારા લોકોની સંખ્યા વધી રહી છે. લોકો ભેદભાવ અને રૂઢિચુસ્તતા જેવા કારણોસર ઇસ્લામને છોડી રહ્યા છે.

જન્મદિવસ, લગ્ન, તહેવારો.અને પારીવારીક પ્રસંગોની એક યાદી છે જેને કેરળ સ્થિત નૂરજહાં દર વર્ષે ખુબ યાદ કરે છે. તેણી કહે છે કે 'હું હજી પણ તેમને મારો પરિવાર માનું છું પરંતુ એકવાર મેં ઇસ્લામ છોડી દીધું, ત્યારથી તેઓ મને નિંદા કરનાર માનવા લાગ્યા છે. તેઓ મને 'દુષ્ટ આત્માઓનો અનુયાયી' કહેવા લાગ્યા. ૪૮ વર્ષીય નૂરજહાં કે એમ, એક ભૂતપૂર્વ શાળા કર્મચારી છે.જે હવે કોટ્ટાયમમાં રાજકીય પક્ષના કાર્યકર તરીકે કામ કરે છે..તે તાજેતરના વર્ષોમાં ઇસ્લામ છોડનારા મુસ્લિમોની વધતી જતી સંખ્યામાંથી એક છે.કેટલાક લોકો ધર્મ પરિવર્તન કરે છે, જ્યારે નૂરજહાં જેવા અન્ય લોકો ધર્મનો સદંતર ત્યાગ કરી રહ્યા છે.

સામાજિક અલગતા હોવા છતાં, નૂરજહાંને ધર્મ છોડવાનો કોઈ અફસોસ નથી. હિજાબ પહેરવાથી, સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવ અને રૂઢિચુસ્તતાએ તેમને ધીમે ધીમે નાસ્તિકતા તરફ ધકેલી દીધા. તેણીએ કહ્યું કે "વર્ષોથી, મને સમજાયું છે કે તે મહિલાઓ સાથે સ્પષ્ટપણે ભેદભાવ કરે છે અને તેમની સાથે બીજા-વર્ગના નાગરિકો તરીકે વર્તે છે, ત્યારે તમામ ધર્મોથી દૂર રહીને તે પોતાની દીકરીઓનો ઉછેર પણ કરી રહી છે.

કરંટ ટોપિક

'હૂ કિલ્ડ લિબરલ ઇસ્લામ'ના લેખક હસન સુરૂર કહે છે કે તેઓ ઘણા મુસ્લિમોને જાણે છે જેઓ નાસ્તિક બની ગયા છે.તેમણે કહ્યું કે 'એવા પૂરતા પુરાવા છે કે યુવા ભારતીય મુસ્લિમો ઈસ્લામથી દૂર જઈ રહ્યા છે.તેઓ તેની કઠોરતા (શરિયાની 'અપરિવર્તનક્ષમતા'ને ટાંકીને પરિવર્તનનો વિરોધ કરતા) અને બિન-મુસ્લિમો પ્રત્યેની અસહિષ્ણુતા, દુષ્કર્મ અને હોમોફોબિયાના તાણથી પોતાને દૂર કરી રહ્યા છે. તેમાં એવા લોકો છે જેઓ સાઉદી દ્વારા પ્રચારિત કટ્ટરપંથી અને કઠોર સલાફી ઇસ્લામને અનુસરતા નથી. હસન સુરૂરએ વધુમાં કહ્યું કે તેમના કેટલાક નજીકના પરિવારના સભ્યોએ મુસ્લિમ ધર્મમાં પરિવર્તન કરવાનું બંધ કરી દીધું છે.સામાન્ય રીતે તેઓએ ભગવાનનો વિચાર છોડી દીધો છે.જો કે, તેઓ પોતાને મુસ્લિમ કહેતા રહે છે અને જ્યારે મુસ્લિમો અથવા ઇસ્લામ પર હુમલો થાય છે ત્યારે તેઓ ગુસ્સે પણ થઈ જાય છે.

સિદ્ધાર્થ ચતુર્વેદી, અગાઉ સદાકત કુરેશી કહે છે કે, તેણે કુરાન અને અન્ય પુસ્તકોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે પરંતુ તેના પ્રશ્નોના જવાબ મેળવી શક્યા નથી.આનાથી તેની અને તેના ધર્મ વચ્ચે અણબનાવ થયો. તે કહે છે કે જ્યારે મેં મૌલવીઓને સમાન પ્રશ્નો પૂછ્યા અને તેમને ચર્ચા માટે પ્રોત્સાહિત કર્યા, ત્યારે મને સમુદાય તરફથી બહિષ્કારની ધમકીઓ મળી. સિદ્ધાર્થ ચતુર્વેદી યુટ્યુબ ચેનલ @ExMuslimSameer ચલાવે છે જ્યાં તે ઇસ્લામ અને તેની પ્રથાઓ વિશે પ્રશ્નો ઉઠાવે છે. જે લોકો કન્વર્ટ કરવા માગે છે તેમના માટે તે સપોર્ટ ગ્રૂપ તરીકે પણ કામ કરે છે. જો કે, તેમને તેમના પરિવાર અને સમુદાયના વિરોધનો ડર છે અને સિદ્ધાર્થે ગયા વર્ષે હિન્દુ ધર્મ અંગીકાર કર્યો હતો.

તેવી જ રીતે, 'એક્સ મુસ્લીમ ઓફ કેરલ', જે ૨૦૨૦ માં શરૂ થઈ હતી.તે આવા મંતવ્યો, પ્રશ્નો, પ્રસારિત કરવા અને સોશિયલ મીડિયા પર ધમકીભર્યા કોલ્સ અને સતામણીનો સામનો કરી રહેલા લોકોને સમર્થન આપવાનું પ્લેટફોર્મ બની ગયું છે.એક્સ મુસ્લીમ ઓફ કેરલ 'ના પ્રમુખ લિયાક્કાથલી સીએમ કહે છે કે વિશ્વાસની અછત કરતાં વધુ, તે સામાજિક પ્રતિબદ્ધતા, લોકશાહી મૂલ્યો અને વધતો વૈજ્ઞાનિક સ્વભાવ છે જે ઘણાને બહાર આવવા માટે પ્રોત્સાહિત કરે છે. થોડા વર્ષો પહેલા જ્યારે તેણે પોતાનો ધર્મ છોડી દીધો હતો, ત્યારે તેને પણ અનેક વખત ધમકીભર્યા ફોન આવ્યા બાદ પોલીસનો

આભાર - નિહારીકા રવિયા સંપર્ક કરવો પડ્યો હતો.

ભૂતપૂર્વ પત્રકાર શામલા ચેનલીક્કલ, જેઓ 'એક્સ મુસ્લીમ ઓફ કેરલના સભ્ય પણ છે , તે તેમના ઘરે મૌલવીઓની મુલાકાતને યાદ કરે છે જેનાથી તે ગુસ્સે થઈ હતી. શામલાએ કહ્યું કે જ્યારે મારી માતા તેની સાથે વાત કરી રહી હતી ત્યારે હું માથું ઢાંક્યા વગર બહાર આવી ગઈ હતી. મને તરત જ ઠપકો આપવામાં આવ્યો. ત્યારે મેં પૂછ્યું કે વાળ બતાવવામાં શું ખોટું છે.તો મારી માતા કે મૌલવીઓ પાસે આનો કોઈ જવાબ નહોતો.પરંતું અસ્વસ્થ, મારી માતાએ મને ઘર છોડવા કહ્યું કારણ કે તે પરિવારના સન્માનની રક્ષા કરવા માંગતી હતી.અને મે તે જ કર્યું. બાદમાં મામલો ઉકેલાઈ ગયો અને હું ઘરે પરત ફરી.પરંતુ આ ઘટનાના સમાચાર આગની જેમ ફેલાઈ ગયા અને બધાએ મારા પર આરોપ લગાવ્યો.ત્યારે 'એક્સ મુસ્લીમ ઓફ કેરલ', મહાસચિવ સફિયા પીએમ પણ મહિલાઓની હાલત જોઈને પરેશાન થઈ ગઈ હતી. તેણી કહે છે કે 'જ્યારે મેં કુરાનનો અભ્યાસ કર્યો ત્યારે મને જાણવા મળ્યું કે તે સ્ત્રીઓને હલકી ગુણવત્તાવાળા માને છે, જે હું સ્વીકારી શકી નહી. આમ પોતાને એક્સ મુસ્લિમો કહેનારા , ઇસ્લામમાં માનવા વાળા લોકોના વિરોધમાં દલીલો પણ કરે છે.અને એવા ગણા જાણીતા એક્સ મુસ્લિમો છે જે ઇસ્લામ ટીકાકાર છે.

વૈજ્ઞાનિકોને અંતરીક્ષમાં શિવ શક્તિના દર્શન થયા

વૈજ્ઞાનિકો ને આકાશગંગા મિલકી-વે માં સિતારોની બે અતિ-પ્રાચીન શ્રેણીઓ શોધી છે, જેને શિવ અને શક્તિના નામથી જાણવામાં આવે છે

વૈજ્ઞાનિકોએ આકાશમાં શિવ અને શક્તિને શોધ્યું છે. હિંદુ દેવોના નામથી જાણવામાં આવે છે સિતારોની બંને પ્રાચીન શ્રેણીઓ છે, જેના વિશે વૈજ્ઞાનિકો રહી રહ્યા છે કે મિલકી-વેના નિર્માણમાં ઉનકી અહમ ભૂમિકા રહેશે. આ શોધ કરતા વૈજ્ઞાનિકો મિલકી-વે ની જીવન યાત્રા વિશે નવી જાણકારો મિલી છે.

યુરોપિયન જગ્યા એવંઈ (ઈએસએ) કે ગયા ટેલીસ્કોપથી શોધ કરી છે, શ્રેણીઓ વિશે બંને વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે અલગ-અલગ આકાશગંગાના અવશેષો શોધવામાં આવી છે. શક્તિ અને શિવ શ્રેણીઓ કે સિતારોનો રાસાયણિક ઢોંગ વહી છે જેવો ૧૨-૧૩ અરબ વર્ષો પહેલા જન્મ સિતારોમાં હતો. બંને શૃંખલાઓનો ભાર આપના સૂર્ય કરતા કરોડો ગણો વધુ છે

બ્રહ્માંડ અને તારાવિશ્વોની ઉત્ક્રાંતિ : જો બ્રહ્માંડની ઉત્પત્તિ આ રીતે જ થઈ હોય તો આપણે જ્યારે અતિ દૂરનાં તારાવિશ્વો જોઈએ છીએ ત્યારે બ્રહ્માંડના ભૂતકાળનું દર્શન કરીએ છીએ; દા.ત., આપણે જ્યારે પાંચ અબજ પ્રકાશવર્ષ દૂરના તારાવિશ્વનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આટલાં વર્ષો પૂર્વે એટલે કે સર્જનના આઠ અબજ વર્ષ બાદ તારાવિશ્વો કેવા પ્રકારનાં હતાં તેનો અભ્યાસ કરીએ છીએ. ૧૯૬૩માં ક્વેસાર (Quasi Stellar Sources) તરીકે ઓળખાતા અવકાશી પદાર્થો શોધાયા. આ પદાર્થો દેખાવમાં તારા જેવા બિંદુવત્ જણાય છે, પરંતુ તેમાંથી સામાન્ય તારાવિશ્વ કરતાં સેંકડો ગણી વધુ ઊર્જાનું ઉત્સર્જન થતું હોય છે. આપણાથી નજીકમાં નજીકનો આવો પદાર્થ બે અબજ પ્રકાશવર્ષના અંતરે આવેલો છે અને ચારથી પાંચ અબજ પ્રકાશવર્ષના અંતર ઉપર તો સારી એવી સંખ્યામાં ક્વેસાર આવેલા જણાય છે.

આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

આ પ્રકારનાં ઘણાં તારાવિશ્વોનાં કેન્દ્ર ઘણાં તેજસ્વી જણાય છે તેમજ તેમાંથી ઉત્સર્જિત થતી ઊર્જાની માત્રામાં દિવસોથી માંડીને મિનિટોના ટૂંકા સમયગાળામાં થતા ઝડપી ફેરફાર જોવા મળે છે. આવી ઘટનાઓ ઓછી-વધતી માત્રામાં બ્લેક હોલમાં પ્રપાત થતા પદાર્થોને કારણે હોઈ શકે. તારાવિશ્વોને સક્રિય તારાવિશ્વકીય નાભિઓ (Active Galaric Nucllei) તેમજ જેકીપ્રિકારના તારાવિશ્વ તરીકે ઓળખવામાં આવે છે.

બ્રહ્માંડમાં તારાવિશ્વોની ઉત્ક્રાંતિના સંકેતો સૌપ્રથમ, ભારતીય રેડિયો વૈજ્ઞાનિક વિજય કપાહીએ ઉટી રેડિયો ટેલિસ્કોપ દ્વારા રેડિયો-તારાવિશ્વોના અભ્યાસમાં મેળવ્યા હતા. તેમણે શોધ્યું કે ભૂતકાળમાં રેડિયો-તારાવિશ્વો વધુ પ્રમાણમાં હતાં તેમજ તેમનાં કદ પ્રમાણમાં નાનાં હતાં. બ્રહ્માંડની બાલ્યાવસ્થામાં તેનાં તારાવિશ્વોમાં શક્તિશાળી વિસ્ફોટક ઘટનાઓ બનતી હોવી જોઈએ. તેના સંકેત અવારનવાર જાણવા મળતા ગેમા કિરણોના વિસ્ફોટ (gamma ray bursts) ઉપરથી પણ મળે છે. આવી એક ઘણી શક્તિશાળી ઘટના ૨૩ જાન્યુઆરી ૧૯૯૯ના રોજ Bappo-જેટ ઉપગ્રહે નોંધી હતી. જેના પછી થોડા સમયમાં પ્રકાશી વિકિરણોમાં પણ તે નોંધાઈ અને આના અભ્યાસ પરથી જણાયું કે તે, દસ અબજ પ્રકાશવર્ષ દૂરના તારાવિશ્વમાં બનેલી ઘટના હતી ! આ પ્રકારની ઘટના મહાકાય તારાના અંતિમ તબક્કાના સુપરનોવા વિસ્ફોટ બાદ ન્યૂટ્રોન તારાના સર્જન સાથે સંકળાયેલી હોઈ શકે.

૨૦૨૨ માં, વૈજ્ઞાનિકોએ ગૈયા દ્વારા તારાઓના અન્ય જૂથની શોધ કરી, જેને 'પૂર ઓલ્ડ હાર્ટ' નામ આપવામાં આવ્યું. આકાશગંગાના જન્મથી આ જૂથ ત્યાં હાજર છે. પરંતુ શિવ અને શક્તિ જૂથના તારાઓ આકાશગંગાના અન્ય તારાઓ કરતાં અલગ રાસાયણિક રચના ધરાવે છે. આ તારાઓમાં આયર્ન, કાર્બન, ઓક્સિજન અને અન્ય ભારે ધાતુઓ ઓછી માત્રામાં હોય છે. આ ધાતુઓ બ્રહ્માંડની રચનાની શરૂઆતમાં બનેલા તારાઓમાં હાજર હતી. જ્યારે તે તારાઓનું જીવન સમાપ્ત થયું અને તે તૂટી ગયા, ત્યારે આ તત્વો સમગ્ર બ્રહ્માંડમાં વિખેરાઈ ગયા.

શક્તિ અને શિવ શ્રેણીના તારાઓની રાસાયણિક રચના ૧૨-૧૩ અબજ વર્ષો પહેલા જન્મેલા તારાઓમાં જોવા મળતી સમાન છે. બંને સાંકળોનું દળ આપણા સૂર્ય કરતા એક કરોડ ગણું વધારે છે.વૈજ્ઞાનિકોએ આકાશગંગામાં તારાઓની બે અત્યંત પ્રાચીન સાંકળો શોધી કાઢી છે, જે શિવ અને શક્તિ તરીકે ઓળખાય છે. વૈજ્ઞાનિકોએ આકાશમાં શિવ અને શક્તિની શોધ કરી છે. આ તારાઓની બે પ્રાચીન સાંકળો છે, જે હિન્દુ દેવતાઓના નામથી ઓળખાય છે, જેઓ આકાશગંગાના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. આ શોધ સાથે, વૈજ્ઞાનિકોને આકાશગંગાની જીવન યાત્રા વિશે નવી માહિતી મળી છે. વિજ્ઞાનીઓ માને છે કે યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) ના ગૈયા ટેલિસ્કોપ દ્વારા શોધાયેલ આ સાંકળો બે અલગ અલગ તારાવિશ્વોના અવશેષો છે જેણે મળીને નવી આકાશગંગા આકાશગંગાને જન્મ આપ્યો છે.

ગુજરાત ટાઇટન્સ સામે હૈદરાબાદની હાર

ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪માં બીજી જીત હાંસલ કરી

અમદાવાદ

ગુજરાત ટાઈટન્સએ ઈન્ડિયન પ્રીમિયર લીગ-૨૦૨૪માં બીજી જીત હાંસલ કરી છે. ટીમે વર્તમાન સિઝનની ૧૨મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૭ વિકેટે હરાવ્યું હતું.

અમદાવાદમાં રવિવારે રમાયેલી પ્રથમ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કરતાં ગુજરાતના બેટર્સે ૧૯.૧ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૬૩ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. સાઈ સુદર્શને ૩૬ બોલમાં ૪૫ રનની ઈનિંગ રમી હતી જ્યારે ડેવિડ મિલરે ૨૭ બોલમાં અણનમ ૪૪ રન બનાવ્યા હતા. કેપ્ટન શુભમન ગિલે ૩૬ રન અને રિદ્ધિમાન સાહાએ ૨૫ રનનું યોગદાન આપ્યું હતું. જીઈઊઁ માટે અભિષેક શર્મા અને અબ્દુલ સમદે સમાન ૨૯-૨૯ રન બનાવ્યા હતા. હેનરિક ક્લાસને ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. મોહિત શર્માએ ત્રણ વિકેટ ઝડપી હતી.

અલ્લુ અર્જુને મેડમ તુસાદ દુબઈ ખાતે તેની મીણની પ્રતિમાનું અનાવરણ કર્યું : ‘પુષ્પા’ શૈલીમાં પોઝ આપ્યો

મુંબઈ,

સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુને સફળતાની વધુ એક સીડી ચઢી છે. અલ્લુ અર્જુને એક નવો ’માઈલસ્ટોન’ હાંસલ કર્યો છે. અભિનેતાએ આખરે મેડમ તુસાદ દુબઈ ખાતે તેની મીણની પ્રતિમાનું અનાવરણ કર્યું. ૨૮ માર્ચ, ગુરુવારે સાંજે પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જે અભિનેતાએ ખૂબ જ ઉત્સાહ સાથે ચાહકો સાથે શેર કર્યું હતું, અને તેની ખુશી વ્યક્ત કરી હતી. અલ્લુ અર્જુને તેની મીણની પ્રતિમા સાથેની પોતાની કેટલીક તસવીરો પણ શેર કરી છે, જે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહી છે.

અલ્લુ અર્જુન ’પુષ્પા ૨ઃ ધ રૂલ’ માટે સમાચારમાં રહે છે. તે જ સમયે, તેણે ફિલ્મ ’પુષ્પાઃ ધ રાઈઝ’ના પહેલા ભાગ માટે વૈશ્વિક ઓળખ મેળવી હતી. ’પુષ્પા’ સ્ટારને મીણના પૂતળાથી સન્માનિત કરવામાં આવેલ નવીનતમ છે. આવી સ્થિતિમાં, તેણે પુષ્પા સાથે ’પુષ્પા’ના આઈકોનિક પોઝનું પુનરાવર્તન કર્યું અને ’પુષ્પા’ શૈલીમાં ફોટોગ્રાફ્સ મેળવ્યા.

The Sabarmati Report ફિલ્મનું ટીઝર થયું રિલીઝ

મુંબઈ,

ફિલ્મ ‘ધ સાબરમતી રિપોર્ટ’ની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. વિક્રાંત મેસી આ ફિલ્મ સાથે દિલને હચમચાવી દે તેવી સ્ટોરી લઈને ફરી આવી રહ્યા છે. ૧૨ર કફૈજ્ઞ બાદથી વિક્રાંત છવાઈ ગયો છે. ત્યારે ધ સાબરમતી રિપોર્ટ સાથે ફિલ્મની વાર્તા ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતના ગોધરા રેલવે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસમાં બનેલી ઘટના પર આધારિત છે. હવે મેકર્સે ‘ધ સાબરમતી રિપોર્ટ’નું ટીઝર રિલીઝ કર્યું છે. ટીઝરમાં દર્શકો માટે એક ખૂબ જ હૃદયદ્રાવક ઘટના રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મ એક અલગ અસર છોડવા માટે તૈયાર છે. ‘ધ સાબરમતી રિપોર્ટ’ના ટીઝરમાં ૨૨ વર્ષથી છુપાયેલા અજાણ્યા તત્વોની ઝલક આપવામાં આવી છે. ૨૨ વર્ષ પહેલા સાબરમતી એક્સપ્રેસમાં એક કરુણ ઘટના બની હતી. ટીઝરમાં અભિનેતા વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા દમદાર ભૂમિકામાં બતાવવામાં આવ્યા છે.



તમિલનાડુના મંદિરમાં ભગવાનને ચઢાવાયેલા નવ લીંબુની હરરાજી રૂ.૨.૩૬ લાખમાં થઈ

ચેન્નાઈ,

તમિલનાડુના વિલ્લુપુરમ જિલ્લામાં સ્થિત ઓટ્ટાનંદલ ગામમાં પ્રસિદ્ધ રથિનાવેલપાંડિયન મુરુગન મંદિર આવેલું છે, જે એક પર્વતની ચોટી પર સ્થિત છે અને તેની આકર્ષક સુંદરતા માટે પ્રખ્યાત છે. મંદિરના મુખ્ય દેવતા, મુરુગન, ૫ ફૂટની ઊંચાઈએ બિરાજમાન છે, જે પૂજા કરવા આવતા ભક્તોને મંત્રમુગ્ધ કરે છે. આ મંદિરમાં દર વર્ષે પંગુની ઉથિરમ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે આ તહેવાર ૧૫ માર્ચથી શરૂ થયો હતો અને ૨૩ માર્ચ સુધી નવ દિવસ સુધી ચાલ્યો હતો. ઉજવણીના આ નવ દિવસ દરમિયાન, રથિનાવેલપાંડિયન મુરુગન મંદિર સાથે સંકળાયેલી એક અનોખી વિધિ સંપન્ન થઈ હતી. ૯ દિવસ સુધી ચાલેલા આ ઉત્સવ દરમિયાન વિવિધ પ્રાર્થના અને આશીર્વાદના પ્રતીક તરીકે કુલ નવ લીંબુ અર્પણ કરવામાં આવ્યા હતા. આ ૯ દિવસના ઉત્સવ દરમિયાન મંદિરમાં જે નવ લીંબુની પૂજા કરવામાં આવી હતી તેને હરાજી માટે મૂકવામાં આવ્યાં હતાં અને તેમના માટે બોલી લગાવવા ભક્તોમાં જોરદાર હરીફાઈ થઈ હતી. અહીં એક માન્યતા છે કે આ લીંબુની પૂજા કરવાથી સંતાન પ્રાપ્તિના આશીર્વાદ મળે છે. એક લીંબુની સૌથી વધુ ૫૦,૫૦૦ રૂપિયામાં હરાજી થઈ હતી.

અમેરિકા બાદ હવે ઈરાકમાં પણ ટિકટોક પર પ્રતિબંધની ઉઠી માંગ

ઈરાક,

ક્યારેક સામાજીક કારણોસર તો ક્યારેક સુરક્ષાના કારણે ટિકટોક પર દરરોજ સવાલો ઉભા થતા રહે છે. ઘણા દેશોએ ટિકટોક એપ પર પ્રતિબંધ લગાવી દીધો છે. અમેરિકામાં પણ પ્રતિબંધની તૈયારીઓ ચાલી રહી છે, આ દરમિયાન ઈરાકમાંથી પણ એવો અવાજ ઉઠ્યો છે કે ટિકટોક પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

ભારતની સાથે ઑસ્ટ્રેલિયા, બેલ્જિયમ, કેનેડા, ફ્રાન્સ, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન અને યુરોપિયન યુનિયન પહેલાથી જ ટિકટોક પર પ્રતિબંધ લગાવી ચુક્યા છે. હવે આ યાદીમાં ઈરાક પણ સામેલ થવા જઈ રહ્યું છે. ઈરાકના કોમ્યુનિકેશન મિનિસ્ટરે સરકારને દેશમાં ચીની કંપનીની એપ ટિકટોક પર પ્રતિબંધ મૂકવાની અપીલ કરી છે. તેની પાછળનું કારણ તેમણે સમાજ પર ટિકટોકની નકારાત્મક અસર ગણાવી છે. મંત્રી અલ-યાસિરી દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં વ્યક્ત કરવામાં આવેલી ચિંતા બાદ આ મુદ્દાએ દેશભરમાં ચર્ચા જગાવી છે. મંત્રીએ મીડિયાને કહ્યું, કે મેં ટિકટોકને બ્લોક કરવા માટે મંત્રી પરિષદને પત્ર સુપરત કર્યો છે અને મને આશા છે કે તેના પર ટૂંક સમયમાં વિચાર કરવામાં આવશે.

દિવંગત અભિનેતા સતીશ કૌશિકને યાદ કરીને સલમાન ખાન ભાવુક થયો

મુંબઈ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને તેના ભાઈ અરબાઝ ખાનના પ્રોડક્શન વેન્ચર ’પટના શુક્લા’ની સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. આ દિવંગત અભિનેતા સતીશ કૌશિકનો છેલ્લો પ્રોજેક્ટ હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. સલમાન ખાન અને સતીશ કૌશિકે ઘણી વખત સાથે કામ કર્યું હતું. હવે ’પટના શુક્લા’ની સ્ક્રિનિંગ દરમિયાન, સલમાન ખાને તેના પ્રિય મિત્ર સતીશ કૌશિકને યાદ કર્યા અને તેના વિશે વાત કરતી વખતે તે ભાવુક જોવા મળ્યો.

સ્ક્રિનિંગનો એક વીડિયો હવે ઈન્ટરનેટ પર વાયરલ થયો છે, જેમાં સલમાન સતીશ કૌશિક વિશે વાત કરતી વખતે ઈમોશનલ થતો જોવા મળ્યો હતો. પોતાનો પ્રેમ વ્યક્ત કરતા તેણે કહ્યું, ’સતીશ જી હજુ પણ અમારી સાથે છે, સૌથી આશ્ચર્યની વાત એ છે કે તેમણે મૃત્યુ પહેલા દરેક પ્રોજેક્ટ પૂરા કર્યા હતા. તે ’કિસી કા ભાઈ કિસી કી જાન’માં પણ હતો. તેમના મૃત્યુના થોડા મહિના પહેલા જ, સતીશ કૌશિકે ’પટના શુક્લા’નું શૂટિંગ પૂર્ણ કર્યું હતું અને તેણે ફિલ્મ પૂર્ણ થવાની જાહેરાત કરીને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આખા ’ખાન-દાન’ સાથેની એક તસવીર પણ શેર કરી હતી. જો કે દરેક ફિલ્મ સતીશની છેલ્લી ફિલ્મ હોવાનું કહેવાય છે. અભિનેતા કંગના રનૌત સાથે બહુપ્રતિક્ષિત ફિલ્મ ’ઈમર્જન્સી’માં પણ જોવા મળશે. ફિલ્મ ’પટના શુક્લા’ ડિજિટલી રીલિઝ કરવામાં આવી છે.

બોબી દેઓલ આલિયા ભટ્ટ સ્ટાર ફિલ્મ સ્પાય યુનિવર્સમાં વિલનની ભૂમિકા ભજવશે

મુંબઈ,

બોબી દેઓલ આલિયા ભટ્ટ સ્ટારર ફિલ્મ સ્પાય યુનિવર્સમાં વિલનની ભૂમિકા ભજવશે. આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષે શરૂ થવા જઈ રહ્યું છે. ’એનિમલ’માં અબરારનું ખતરનાક પાત્ર ભજવનાર બોબી દેઓલ હવે ફિલ્મોથી પોતાની બેગ ભરી રહ્યો છે. સાઉથમાં સુરૈયાની ’કંગુવા’ બાદ હવે તેના હાથમાં બીજી મોટી ફિલ્મ આવી ગઈ છે. બોબી દેઓલે વાયઆરએફ ના સ્પાય યુનિવર્સમાં એન્ટ્રી કરી છે. લેટેસ્ટ રિપોર્ટ છે કે ’સ્પાય યુનિવર્સ’ની આગામી ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શરવરી વાઘની સામે બોબી ખતરનાક વિલન તરીકે ઊભો રહેશે. રસપ્રદ વાત એ છે કે, બોબી ’એનિમલ’માં રણબીર કપૂરની સાથે હતો અને હવે તે તેની પત્ની આલિયાનો સામનો કરશે. એક અહેવાલ મુજબ, શિવ રવૈલના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મમાં આલિયા ભટ્ટ એક મહિલા જાસૂસની ભૂમિકા ભજવશે.

પાકિસ્તાન ટીમના ફિટનેસ ટેસ્ટમાં ખુલાસો આઝમ બે કિલોમીટરની રેસ ન દોડી શક્યો

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન ક્રિકેટ ટીમના ફિટનેસ ટેસ્ટનો ખુલાસો થયો છે. પાકિસ્તાનની ટીમ હાલ પોતાની સેના સાથે ટ્રેનિંગ કરી રહી છે. આ દરમિયાન બે કિલોમીટરની રેસનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઘણા ખેલાડીઓ નિષ્ફળ ગયા હતા એટલું જ નહીં એક ખેલાડીએ રેસ પણ પૂરી કરી ન હતી. આ ખેલાડીનું નામ આઝમ ખાન છે, જે જાડો છે અને તે બે કિલોમીટરની રેસમાં દોઢ કિલોમીટર પછી બેઠો હતો. આ અંતર પણ તેણે લગભગ ૨૦ મિનિટમાં કાપ્યું હતું.

પાકિસ્તાની ટીમની ફિટનેસનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ઘણા ખેલાડીઓ શાહીન શાહ આફ્રિદી અને મોહમ્મદ રિઝવાન કરતાં પણ વધુ ઝડપથી દોડ્યા અને ટૂંક સમયમાં જ બે કિલોમીટરની રેસ પૂરી કરી. યુવાન ઈરફાનુલ્લા નિયાઝી આ રેસમાં સૌથી આગળ રહ્યો. પ્રથમ દિવસે યોજાયેલી બે કિલોમીટરની દોડમાં તે પ્રથમ રહ્યો હતો. તેણે આ અંતર માત્ર ૬ મિનિટ અને ૪૭ સેકન્ડમાં પૂરું કર્યું હતું.

પાકિસ્તાની મીડિયા અનુસાર, આઝમ ખાન ૨૦ મિનિટમાં દોઢ કિલોમીટરની રેસ પૂરી કરી શક્યો હતો.

દેશના 542 સાંસદોમાંથી 225 સામે ફોજદારી કેસ

નવીદિલ્હી,

ક્રિમિનલ કેસ ધરાવતા સીટીંગ સાંસદોઃ ૫૧૪ સીટીંગ સાંસદોમાંથી વિશ્લેષણ કરવામાં આવ્યું છે, ૨૨૫ (૪૪%) સીટીંગ સાંસદોએ પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. ગંભીર ફોજદારી કેસો ધરાવતા સીટીંગ સાંસદોઃ ૧૪૯ (૨૯%) સીટીંગ સાંસદોએ ગંભીર ફોજદારી કેસો જાહેર કર્યા છે જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, સાંપ્રદાયિક અસંતોષ, અપહરણ, મહિલાઓ સામેના ગુનાઓ વગેરેને લગતા કેસો સામેલ છે. ૯ સીટીંગ સાંસદોએ હત્યા સંબંધિત કેસ જાહેર કર્યા છે. આમાંથી ૫ વર્તમાન સાંસદો ભાજપના છે, ૧ સાંસદ એનસીપી બીએસપી વાયએસઆરસીપી દરેક અને એક સાંસદ અપક્ષ છે.

૨૮ સીટીંગ સાંસદોએ હત્યાના પ્રયાસના કેસ જાહેર કર્યા છે. આમાંથી ૨૧ વર્તમાન સાંસદો ભાજપના છે અને આઈએનસી,એઆઈટીસી બસપા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર),વાયએસઆરસીપી રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી અને વિદુથલાઈ ચિરુથાઈગલ કાચીમાંથી એક-એક સાંસદ છે. ૧૬ બેઠક સાંસદોએ મહિલાઓ વિરુદ્ધ અપરાધો સંબંધિત કેસ જાહેર કર્યા છે. ૧૬ સિટિંગ સાંસદોમાંથી ૩ સિટિંગ સાંસદોએ બળાત્કાર સંબંધિત કેસ જાહેર કર્યા છે ભાજપના ૨૯૪ સિટિંગ સાંસદોમાંથી ૧૧૮ (૪૦%), ભાજપમાંથી ૪૬ સિટિંગ સાંસદોમાંથી ૨૬ (૫૭%), ડીએમકેના

૫૧૪ સીટીંગ સાંસદોમાંથી વિશ્લેષણ કરવામાં આવ્યું

૨૪ સિટિંગ સાંસદોમાંથી ૧૧ (૪૬%), ૮ (એઆઈટીસી) ના ૧૯ સીટિંગ સાંસદોમાંથી ૪૨%), જદયુના ૧૬ સિટિંગ સાંસદોમાંથી ૧૨ (૭૫%) અને વાયએસઆરસીપી દ્વારા મેદાનમાં ઊતરેલા ૧૭માંથી ૮ (૪૭%) એ તેમના સોગંદનામામાં પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે.

જ્યારે ૨૯૪ સિટિંગ સાંસદોમાંથી ૮૭ (૩૦%) બીજેપીના, ૪૬માંથી ૧૪ (૩૦%) કોંગ્રેસના, ૨૪માંથી ૭ (૨૯%) સિટિંગ સાંસદો ડીએમકેના, ૪ એઆઈટીસીના ૧૯ સિટિંગ સાંસદોમાંથી (૨૧%), જદયુના ૧૬માંથી ૮ (૫૦%) અને વાયએસઆરસીપી દ્વારા મેદાનમાં ઊતરેલા ૧૭માંથી ૭ (૪૧%) સિટિંગ સાંસદોએ પોતાની વિરુદ્ધ ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા છે.

ઉત્તર પ્રદેશના ૭૬ સાંસદોમાંથી ૪૧ (૫૪%), મહારાષ્ટ્રના ૪૬માંથી ૨૫ (૫૪%), પશ્ચિમ બંગાળના ૪૦ સાંસદોમાંથી ૩૧ (૭૮ %), બિહારના ૪૦ સાંસદોમાંથી ૧૯ (૪૯%), તામિલનાડુના ૩૯ સાંસદોમાંથી ૧૦ (૩૬%), કર્ણાટકના ૨૮માંથી ૧૦ (૩૬%), કેરળના ૨૦ સાંસદોમાંથી ૧૭ (૮૫%), આંધ્ર પ્રદેશના ૨૨ સાંસદોમાંથી ૧૧ (૫૦%)), તેલંગાણાના ૧૩ સાંસદોમાંથી ૭ (૫૪%) અને હિમાચલ પ્રદેશના ૪ સાંસદોમાંથી ૩ (૭૫%) એ તેમની એફિડેવિટમાં પોતાની વિરુદ્ધ ફોજદારી કેસ જાહેર કર્યા છે. ઉત્તર પ્રદેશના ૭૬ સાંસદોમાંથી ૩૩ (૪૩%), મહારાષ્ટ્રના ૪૬માંથી ૧૩ (૨૮%), પશ્ચિમ બંગાળના ૪૦ સાંસદોમાંથી ૧૬ (૪૦%), ૨૨(બિહારના ૪૦ સાંસદોમાંથી ૫૫%), તમિલનાડુના ૩૯ સાંસદોમાંથી ૧૧ (૨૮%), કર્ણાટકના ૨૮માંથી ૬ (૨૧%), કેરળના ૨૦ સાંસદોમાંથી ૮ (૪૦%), ૮ (૩૬%) %) આંધ્રપ્રદેશના ૨૨ સાંસદોમાંથી, તેલંગાણાના ૧૩ સાંસદોમાંથી ૫ (૩૮%) અને હિમાચલ પ્રદેશના ૪ સાંસદોમાંથી ૨ (૫૦%) એ તેમની એફિડેવિટમાં પોતાની સામે ગંભીર ગુનાહિત કેસ જાહેર કર્યા છે.

ભાવનગરના હાર્દસમા ઘોઘાગેટ ચોકમાં સામાન્ય બાબતે જૂથ અથડામણ

ચા પીધા બાદ પૈસા બાબતે બોલાચાલી થતા છરી,ધોકા વડે થયેલી મારમારીમાં કુલ ત્રણ વ્યક્તિને ઈજા : બન્ને પક્ષની સામસામી આઠ વિરુદ્ધ ફરિયાદ

તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૧

ભાવનગરના ઘોઘાગેટ ચોકમાં આવેલ પોલીસ ચોકી સામે રવિવારે વહેલી સવારે ચાની લારીએ ચા-નાસ્તાના પૈસા બાબતે બોલાચાલી અને ઝઘડો થયા બાદ બે જૂથ વચ્ચે છરી,ધોકા,સહિતના હથિયારો વડે સામસામે કરવામાં આવેલ હુમલામાં ત્રણ વ્યક્તિને ઈજા થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેવામાં આવ્યા હતા.આ બનાવ અંગે ગંગાજળિયા પોલીસ મથકમાં સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઘોઘાગેટ પોલીસ ચોકી નજીક જ હથિયારો ઉડતા ચકચાર મચી જવા પામી હતી.

મારામારીના આ બનાવ અંગેની વિગત મુજબ શહેરના નવાપરા વિસ્તારમાં રહેતા અને ઘોઘાગેટ ચોકમાં ચા ની લારી ધરાવતા હારુનભાઈ ઉર્ફે તગારી ડેરૈયા અને તેમના બે દીકરા મોઈનભાઈ અને નદીમભાઈ રવિવારે વહેલી સવારે તેમની લારીએ હાજર હતા ત્યારે પાંચ વાગ્યા આસપાસ ચિત્રા વિસ્તારમાં રહેતા અને અવાર-નવાર તેમની લારીએ ચા-નાસ્તો કરવા આવતા કાંતિ મથુરભાઈ બારૈયા,ભરત ઉર્ફે ભોડી અને વિશાલ ઉર્ફે ભોપી બાઈક લઈને ચા પીવા માટે આવ્યા હતા ત્યારે ચાના પૈસા બાબતે બોલાચાલી થઈ હતી.આ બનાવ બાદ એક કલાક પછી સાડા છ વાગ્યા આસપાસ ફરી ભરત ઉર્ફે ભોડી,વિશાલ ઉર્ફે ભોપી,વિશાલ ઉર્ફે ડાઢો,કાંતિ મથુરભાઈ બારૈયા અને હરપાલ ડાભી થાર અને ઓડી કાર લઈને આવ્યા હતા અને અમારી પાસે ચાના પૈસા કેમ માંગ્યા તેમ કહીને હથિયારો વડે હુમલો કરતા બન્ને પક્ષે હથિયાર વડે થયેલી મારમારીમાં મોઈન હારુનભાઈ ડેરૈયા અને સમાપક્ષે ભરત ઉર્ફે ભોડી બટુકભાઈ સરવૈયા અને હરપાલ ડાભીને ઈજા થતાં તમામને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા,ત્યારબાદ ભરત અને હરપાલને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે ભરત ઉર્ફે ભોડી બટુકભાઈ સરવૈયા (રહે.ચિત્રા,એસ.ટી.વર્કશોપ પાસે) એ હરુનભાઈ ઉર્ફે તગારી,તેના દીકરાઓ મોઈન અને નદીમ વિરૂદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે,તેઓ સવારે હારુન ભાઈની લારીએ ચા પીવા માટે ગયા ત્યારે ચા ના પૈસા બાબતે બોલાચાલી થતા ત્રણેય શખ્સે એકસંપ કરી છરી વડે પોતાને તથા તેમની સાથે આવેલ હરપાલ ડાભીને છરીના ઘા ઝીંકી લોહિયાળ ઈજા પહોંચાડી હતી.

સામાપક્ષે મોઈન હારુનભાઈ ડેરૈયાએ ભરત ઉર્ફે ભોડી,વિશાલ ઉર્ફે ભોપી,કાંતિ બારૈયા,વિશાલ ઉર્ફે ડાઢો અને હરપાલ ડાભી વિરુદ્ધ વહેલી સવારે ચા પીવા આવ્યા બાદ ચા ના પૈસા માંગતા બોલાચાલી થયેલ તેની એક કલાક બાદ ઉક્ત પાંચેય ઈસમો ઓડી અને થાર કારમાં આવી છરી અને લાકડાના ધોકા વડે હુમલો કરી છરી મારી લોહિયાળ ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાવતા ગંગાજળિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પથ્થરનો ઘા માર્યાની શંકા રાખી હથિયારો સાથે આવેલા શખ્સોએ આપી ધમકી

જુના સિહોરમાં રહેતા આધેડે બે શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

ભાવનગર તા.૧

સિહોરમાં રહેતા બે યુવકોને થયેલી માથાકૂટમાં પથ્થરનો ઘા ઝીકયાની શંકા રાખી હથિયારો ધારણ કરી ઘર પાસે આવી જાનથી મારી નાખવાની ધમકી આપતા આધેડે બંને ઈસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ સિહોરમાં આવેલ રામનાથ રોડ, ખડખડના ખોડીયાર મંદિરની બાજુમાં રહેતા આધેડ નાનુભાઈ રઘુભાઈ રાઠોડ એ સિહોર પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, જુના સિહોર ગામમાં રહેતા ચિરાગ મુકેશભાઈ સોલંકી અને અજય જગદીશભાઈ ગોહિલને રામનાથ રોડ ઉપર કોઈ સાથે માથાકૂટ ચાલતી હતી તે દરમિયાન કોઈએ પથ્થરનો ઘા કરતા આ પથ્થરનો ઘા તેમના દીકરાએ કર્યો હોવાની શંકા રાખી બંને ઈસમો ધારિયું અને છરી લઈને તેમના ઘરે આવ્યા હતા અને ગાળો આપી દરવાજાને પાટા મારી 'તારા દીકરાને જાનથી મારી નાખવો છે' એવી ધમકી આપી હતી. સિહોર પોલીસે બંને શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જુની અને નવી પદ્ધતિમાં રિટર્ન ૩૧ જુલાઈ સુધી ભરી શકાશે

જુની પદ્ધતિ અનુસાર રિટર્ન ભરવા માંગતા કરદાતાએ અલગથી ફોર્મ ભરવું પડશે

ભાવનગર, તા.૧

કાયદા મુજબ કરદાતાઓ જુની અને નવી એમ બન્ને સિસ્ટમમાંથી ગમે તે સિસ્ટમથી ઈન્કમટેક્ષના રિટર્ન ફાઈલ કરી શકે છે. અગાઉની જુની સિસ્ટમ મુજબ કરદાતાને ચોક્કસ મર્યાદા સુધી કરેલ રોકાણો બાદ મળે છે પછી આવક મુજબ ૧૦-૨૦ અને ૩૦ ટકાના ટેક્સના સ્લેબ લાગુ પડે છે. જ્યારે નવી સિસ્ટમમાં કોઈપણ પ્રકારનું રોકાણ બાદ મળતું નથી.

ઈન્કમટેક્ષના કાયદા મુજબ ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ માટે રિટર્ન ભરવા માટે જુની અને નવી એમ બે સિસ્ટમ અમલમાં મુકી છે આથી જેને જુની સિસ્ટમ મુજબ રિટર્ન ભરવાનું હોય તેને ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટે જાહેર કરેલ નવું ફોર્મ ૧૦ એ ઈ સાથે ભરવાનું રહેશે. આથી ટેક્ષની ગણત્રી ધ્યાનમાં લઈને કરદાતાએ સિસ્ટમ નક્કી કરીને રિટર્ન ભરવું હિતાવહ છે.

ઈન્કમટેક્ષ રિટર્ન ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ છે. જ્યારે ઓડીટ રિટર્ન ભરવા માટે છેલ્લી તારીખ ૩૧ ઓકટોબર છે. મુદત બાદ જુની સિસ્ટમનો લાભ કરદાતાને મળી શકશે નહીં તેમ ભાવનગર ઈન્કમટેક્ષ બાર એસોસીએશનના દિવ્યકાંત સલોતે જણાવ્યું હતું.

વેરા વસૂલાતમાં શ્રેષ્ઠ કામગીરીથી શહેરને મળશે ૧૫મા નાણાપંચની પરફોર્મન્સ ગ્રાન્ટ

ગત વર્ષે રૂ.૧૪૧ કરોડની આવક સામે ૧૬૦ કરોડની આવક થતાં ૧૩.૪૮ ટકાનો નોંધાયો વધારો

ભાવનગર,તા.૧

ભાવનગર મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગના મિલકતવેરાની વર્ષ ૨૦૨૩-૨૪ની વિક્રમી ૧૬૦ કરોડ રૂપિયાથી વધુ વેરાની વસુલાત કરવામાં આવી છે. આ અગાઉ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૪૧ કરોડ રૂપિયા, ૨૦૨૧-૨૨માં ૧૨૦ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦૪ કરોડ રૂપિયાની ઘરવેરા વિભાગના મિલકત વેરાની આવક થઈ હતી.

મ્યુ. સહાયક કમિશનર ડો. હીરપરા એ માહિતી આપી જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૩-૨૪ની વાર્ષિક ડિમાન્ડ રૂપિયા ૧૩૯ કરોડ હતી તેમાં સમગ્ર વર્ષ દરમિયાન રૂપિયા ૧૦૪ કરોડ એટલે કે ૭૫% વસૂલાત થયેલ છે. જેમાં કુલ ૨.૯૫ લાખ ખાતાઓ પૈકી ૧.૮૫ લાખ ખાતાઓમાં વેરો ભરપાઈ થઈ ગયેલો છે. જે ગત વર્ષ કરતાં ૧૫,૦૦૦ આસામીઓનો વધારો સૂચવે છે. રહેણાંકની વાર્ષિક ડિમાન્ડ ?૬૬ કરોડની હતી જેમાં સમગ્ર વર્ષ દરમિયાન ૪૬.૫૦ કરોડ રૂપિયા એટલે કે ૭૦% જ્યારે બિન રહેણાંકમાં ૭૩ કરોડ રૂપિયાની વાર્ષિક ડિમાન્ડ સામે રૂપિયા ૫૭.૫૦ કરોડ એટલે કે ૭૮% ની વસુલાત થઈ હતી. મિલકત વેરા વિભાગ દ્વારા ગત વર્ષની આવક કરતા ૧૦% વધુ રકમનો વધારો કરવા બદલ ૧૫માં નાણાપંચ દ્વારા પર્ફોર્મન્સ ગ્રાન્ટ મળવાપાત્ર થવા માટે જરૂરી વસુલાત કરી દીધી હોય મળનાર ગ્રાન્ટ શહેરના વિકાસ માટે ઉપયોગી થશે તેમ મહાનગરપાલિકાના સહાયક કમિશનરે ઉમેર્યું હતું.

ઈંગ્લિશ દારૂની ૪૦ બોટલો સાથે બે શખ્સો નારી ચોકડીથી ઝડપાયા

ભાવનગર, તા.૧

ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચના માણસો વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ./જુગારની બાતમી મેળવવા માટે પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન ભાવનગર - અમદાવાદ હાઈ-વે., દસ નાળા પાસે, સુરભી ગૌશાળા સામે જાહેર રોડ ઉપર અગાઉ ઈંગ્લીશ દારૂમાં પકડાયેલ માણસો થેલાઓમાં બહારથી ભારતીય બનાવટનો પરપ્રાંત ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને ઉભા છે. જે મળેલ માહિતીના આધારે રેઈડ કરતા નૈમીશ ઉર્ફે રોકી મંગળભાઈ કારીયા ઉ.વ.૩૮ ધંધો-વેપાર રહે.લક્ષ્મીનગર રૂદ્ર રેસ્ટોરન્ટની બાજુમાં, સીદસર રોડ, ભાવનગર તથા વિરેન્દ્ર સમાયાન યાદવ ઉ.વ.૩૬ રહે.૯૦ ફુટ રોડ, ચંદ્રમાન શેખરની ચાલી, નાલા સોપારા ઈસ્ટ, મુંબઈ વાળા આરોપીઓ એક થેલામાં બેગપાઈપર ડીલક્ષ વ્હીસ્કી ૧ લીટરની બોટલ નંગ-૪૦ કિ.રૂ.૨૫,૨૦૦ ભારતીય બનાવટનાં ઈંગ્લીશ દારૂની ફોર સેલ ઈન મહારાષ્ટ્ર ઓન્લી લખેલ પ્લાસ્ટીકની કંપની સીલપેક બોટલો સાથે હાજર મળી આવેલ. તેઓ વિરૂધ્ધ વરતેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

તારી ચડામણીથી મારા કાકી રીસામણે ગયા કહી યુવાન પર શખ્સે કર્યો હુમલો

નવાગામ-ચિરોડાના બનાવ અંગે વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર, તા.૧

વરતેજ તાબેના નવાગામ- ચિરોડામા કૌટુંબિક અદાવતે યુવાન પર શખ્સે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા યુવાને નવાગામના શખ્સ વિરુદ્ધ વરતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર શહેરના શાસ્ત્રીનગર સ્થિત અક્ષરદિપ કોમ્પલેક્ષમા રૂમનં-૫૦૩ મા રહેતા અનિલ બાબુ કવા ઉ.વ.૩૬ ના વિધવા માસી દયાબેનના પુર્નલગ્ન નવાગામ-ચિરોડામા રહેતા મનુભાઈ રાઠોડ નામના શખ્સ સાથે કરાવ્યા હતા દરમ્યાન થોડા સમય પહેલા દયાબેનને તેના પતિ મનુ સાથે કોઈ મુદ્દે વાંધો પડતા દયાબેન મુંબઈ રીસામણે જતી રહી હતી. જેમાં અનિલ કોઈ કામ સબબ નવાગામ ગયો હતો અને તેના માસા મનુના ગેરેજે ઉભો હોય એ દરમ્યાન મનુનો ભત્રીજો ચિરાગ રાઠોડ ત્યાં આવ્યો હતો અને તેણે અનિલને કહેલ કે તારી ચડામણીના કારણે દયા તેના કાકાનું ઘર છોડી રીસામણે જતી રહી છે આથી અનિલે આ વાત ખોટી હોવાનું જણાવતા ઉશ્કેરાયેલા ચિરાગે અનિલ પર પાઈપ વડે હુમલો કરી મારમારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી જતો રહ્યો હતો જયારે ઈજાગ્રસ્ત અનિલને સારવાર અર્થે વરતેજ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર બાદ તેણે ચિરાગ રાઠોડ વિરુદ્ધ વરતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એક વર્ષથી ફરાર આરોપી તળાજા એસટી બસ સ્ટેન્ડ પાસેથી પકડાયો

ભાવનગર, તા.૧

ભાવનગર,એલ.સી.બી. સ્ટાફનાં માણસો તળાજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમ્યાન સંયુકત બાતમી રાહે હકીકત મળેલ કે તળાજા પો.સ્ટે. ગુ.ર.નં.૦૭૪૬/૨૦૨૩ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૧-બી)એ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ તથા ગુ.ર.નં. ૦૭૪૭/૨૦૨૩ મુજબનાં ગુન્હાનાં કામે નાસતો-ફરતો આરોપી યુનુસભાઇ નુરભાઇ જુણેજા રહે.ગામ પાવઠી તા.તળાજા વાળો ઈસમ જેણે સફેદ તથા ભુરા કલરનું આખી બાય નુ ટી-શર્ટ તથા કાળા કલરનું ટ્રેક પેન્ટ પહેરેલ જે તળાજા એસ.ટી. બસ સ્ટેન્ડના ગેટ પાસે ઉભેલ હોવાની માહિતી આધારે તપાસ કરતાં યુનુસભાઇ નુરભાઇ જુણેજા નામનો આરોપી હાજર મળી આવતાં તેની પુછપરછ કરતા તળાજા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ગુનામાં નાસતો ફરતો હોવાનું જણાય આવેલ જેથી તેની ધરપકડ કરી આગળની વધુ તપાસ માટે તળાજા પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ.

ભાવનગરમાં લેવાયેલી ગુજકેટની પરીક્ષામાં ૧૦૪ વિદ્યાર્થી ગેરહાજર

ભાવનગર

ભાવનગર શહેરમાં રવિવારે ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી, જેમાં ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનમાં કુલ ૭૧૨૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. રવિવારના રોજ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા યોજાઈ હતી. જેમાં ૭૦૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી જ્યારે ૧૦૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી કે ડિપ્લોમા ફાર્મસી જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે રવિવારે ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી. આ વર્ષે ગુજરાતમાં ગુજકેટમાં કુલ ૧.૩૭ લાખ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. તમામ પરીક્ષા કેન્દ્રો ઝઝ્ફથી સજ્જ હોય તેની ચકાસણી કરવા પણ સ્થળ સંચાલકોને તાકીદ કરાઈ છે. ભાવનગર જિલ્લામાં રવિવારે આ કસોટી લેવામાં આવી હતી. ભાવનગરમાં ૩૪ બિલ્ડિંગમાં કુલ ૩૫૭ બ્લોકમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ભાવનગર જિલ્લામાં ૪૪૩૫ વિદ્યાર્થીઓ અને ૨૬૮૮ વિદ્યાર્થિનીઓ મળીને કુલ ૭૧૨૩ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી ૭૦૧૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે ૧૦૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

બેંક ખાતા ખોલાવવાના બહાને મોટા ખોખરાના યુવાન સાથે પાંચ શખ્સો દ્વારા કરાઈ છેતરપિંડી

યુવાનને મકાનના કામ માટે લોન લેવી હોય ગામના બે શખ્સોએ ફાયદો ઉઠાવી GST નંબર મેળવી નાણાકીય વ્યવહાર કરી ઠગાઈ કર્યાની વરતેજ પોલીસમાં ફરિયાદ

ભાવનગર,તા.૧

ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામે રહેતા યુવાનના મકાનની કામગીરી ચાલુ હોય તેને પૈસાની જરૂરિયાત હોવાને કારણે લોન લેવાની જરૂરિયાત પડતા ગામના બે શખ્સો સાથે સંપર્ક થયો હતો. તેણે બેંક ખાતા ખોલાવી જીએસટી નંબર મેળવી યુવાનના ખાતામાંથી આર્થિક વ્યવહારો કરી યુવાનની જાણ બહાર નાણાકીય વહીવટો કરી યુવાન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વરતેજ પોલીસ મથકે નોંધાવાઈ હતી.

આ બનાવ અંગેની વિગતો મુજબ ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામે રહેતા અરવિંદભાઈ કેશુભાઈ કંટારીયાએ ઘોઘા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, અરવિંદભાઈને બે વર્ષ પહેલા મકાન બનાવવાનુ કામ ચાલુ હતું.અને ત્યારે તેને પેસાની ખુબજ જરૂરીયાત હોવાના કારણે લોન લેવી પડે તેમ હતી અને બેંકમાં ખાતું ખોલાવવું પડે તેવી પરિસ્થિતિ હતી. આથી અરવિંદભાઈએ ગામમાં રહેતા કિશોર મગનભાઈ બસીયા તથા બાબુ ચુડાસમા રહે, માલણકાને આ અંગેની વાત કરતા બંને શખ્સે અરવિંદભાઈને પૈસાની લાલચ આપી વિશ્વાસમાં લઈ લઈ જણાવેલ કે, 'તુ અમારી સાથે આવી અમારા કહેવા મુજબ બેન્કમાં એકાઉન્ટ ખોલાવી નાખ અને તું ખાતુ ખોલાવ એટલે તને લોન પેટે રૂપીયા મળી જશે' તેમ વાત કરી અરવિંદભાઈ તથા રમેશભાઈ બારૈયા રહે.રતનપર તથા લખમણભાઈ સરવૈયા, હાર્દીકભાઈ ભીમજીભાઈ વાઘેલા, તથા પ્રકાશભાઈ પરમારને વિશ્વાસમાં લઇ તેઓ બધાને અલગ-અલગ જગ્યાએ મુંબઈ, જોધપુર (રાજસ્થાન), ચેન્નઇ ખાતે લઇ જઈ કિશોર ખસીયા તથા ભાજુ ચુડાસમાના મળતીયા મુકેશ ઉર્ફે અનીલભાઈ ઉર્ફે ટાઈગર અગ્રવાલ તથા રમેશ ઉર્ફે સુનીલ અગ્રાવેલ તથા તેમના ડ્રાઈવર રાહુલ નામના શખ્સે મળી અગાઉથી બનાવેલ પ્રિપ્લાન મુજબ અરવિંદભાઈના આધારકાર્ડ તથા પાનકાર્ડની નકલ લઈ તેનાથી ફરીયાદીના નામના સીમકાર્ડ કઢાવી તેમજ અરવિંદભાઈના અંગુઠાના નીશાન કરાવી તથા અરવિંદભાઈના નામે તેની જાણ બહાર બેન્કમાથી લોન અપાવવાના બહાના હેઠળ બેન્કના ખાતા ખોલાવી અરવિંદભાઈ નામે ખોલાવેલ બેન્ક એકાઉન્ટ ખાતાઓની કી તથા સીમકાર્ડ અનીલ અગ્રવાલ તથા રમેશ અગ્રાવલે પોતાની પાસે રાખ્યા હતા. અરવિંદભાઈના આધારકાર્ડ, પાનકાર્ડ દ્વારા જાણ બહાર ખોટી ઓળખ ઉભી કરી અરવિંદભાઈના નામે જી.એસ.ટી.નંબર ૨૯એચ એક્સ જીપી કે ૧૨૦૨૦ એન ૧ ઝેડ ૬ થી ટ્રેડ નેમ અગ્રવાલ બ્રધર નામની પેઢી ખોલી બેન્ક એકાઉન્ટમાં આર્થીક વ્યવહારો કરી તમામ શખ્સોએ આર્થીક લાભ મેળવવા એકસંપ કરી સમાન ઈરાદો પારપાડવા ફરીયાદી સાથે વિશ્વાસપાત અને છેતરપીડી કરી હોવાની અરવિંદભાઈ કેશુભાઈ કંટારીયાએ ઘોઘા પોલીસ મથકમાં પાંચ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોધાવતા પોલીસે આઈપીસી ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮, ૪૭૧,૧૨૦ બી,૩૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અનુ.પાના ૮નું શરૂ...

ચૂંટણી પૂર્વે ચુવાળીયા

તો આવનારો સમય બતાવશે. ભાવનગરમાં હાલ તુરત તો ચુવાળીયા કોળી સમાજે પોતાનો અપક્ષ ઉમેદવાર ઉભો રાખવો કે નહીં તેના પર વિચારણા શરૂ કરી દીધી છે. તેમ ભાવનગર ચુવાળીયા કોળી સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ ગોહિલે જણાવ્યું હતું.

સિહોરમાં ચુવાળીયા કોળીનું બિન રાજકીય સંમેલન યોજાયું હતું જેમાં અનેક બેઠકો જયાં તળપદા કોળી સમાજના ઉમેદવારો છે. જે કોઈપણ પક્ષના હોય ત્યાં ચુવાળીયા કોળી સમાજ પોતાના ઉમેદવારો અપક્ષ ઉભા રાખી પોતાની તાકાત બતાવવા મેદાને પડશે. જો આમ થાય તો કોળી સમાજના મતોમાં ફાટા પડશે તે નિશ્ચિત બાબત છે. ત્યારે તે સંજોગોમાં ભાજપના ઉમેદવારને કે ગઠબંધનના ઉમેદવારને કોને ફાયદો થાય તે અંગે સમયે જ ખબર પડશે.

અવસાન નોંધ

સિંધી મરણ

ભાવનગર નિવાસી જેઠીબેન મોહનલાલ ઇસરાણી (ઉ.વ.૬૫) કે જેઓ મહેન્દ્રભાઈ, કિશોરભાઈના માતુશ્રી થાય તેમજ મહેશભાઈ, ગોપાલભાઈ, પ્રકશભાઈના કાકી થાય તેમજ નરેન્દ્રભાઈ રાયકંગોર, ભરતભાઇ, જગદીશભાઈના મામી થાય તેમનું તા.૩૧ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧-૪ને સોમવારના રોજ સાંજે ૫ થી ૬ સુધી સ્વામી લીલાશાહ ભવન, સંત પ્રભારામ હોલ સામે, સિન્ધુનગર, ભાવનગર મુકામે ભાઈઓ બહેનો માટે સાથે રાખેલ છે.

વિક્રમી વધારો : ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૧૪૦ મિલિયન ડોલરનો વધારો

નવીદિલ્હી,તા.૩૧

વિદેશીઓ ભારતીય બજારને ખૂબ પસંદ કરી રહ્યા છે. સતત પાંચમા સપ્તાહે ભારતના ફોરેક્સ રિઝર્વમાં વિક્રમી વધારો થયો હતો અને હવે ભારતનું વિદેશી મુદ્રા ભંડાર સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. તાજેતરમાં ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૧૪૦ મિલિયન ડોલરનો વધારો થયો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માહિતી આપી હતી કે ૨૨ માર્ચ સુધીમાં, ભારતના વિદેશી વિનિમય ભંડારમાં ૧૪૦ મિલિયનનો વધારો થઈને ઈ૬૪૨.૬૩૧ બિલિયનની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે.આના એક સપ્તાહ પહેલા પણ વિદેશી મુદ્રા ભંડારમાં ૬.૩૯૬ અબજ ડોલરનો રેકોર્ડ વધારો થયો હતો જે ૬૪૨.૪૯૨ અબજ ડોલરે પહોંચી ગયો હતો.

ઉચ્ચ અનામત માટે ઉચ્ચ એફપીઆઇ પ્રવાહ મુખ્ય સ્ત્રોત છે, જે ભારતીય બજારોમાં વિદેશી રોકાણકારોના વધતા વિશ્વાસની નિશાની પણ છે.જાહેર કરાયેલા આ આંકડા અનુસાર, વિદેશી મુદ્રાની સંપત્તિમાં ૧૨૩ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે, જે ૫૬૮.૨૬૪ અબજ ડોલર પર પહોંચી ગયો છે. પાઉન્ડ, યુરો અને યેન જેવી કરન્સીનો પણ વિદેશી વિનિમય અનામત હેઠળ સમાવેશ થાય છે.

આરબીઆઈએ કહ્યું કે સપ્તાહ દરમિયાન ગોલ્ડ રિઝર્વમાં પણ વધારો થયો છે, જે ૩૪૭ મિલિયન ડોલર વધીને ૫૧.૪૮૭ બિલિયન ડોલર પર પહોંચી ગયો છે. આ સિવાય સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫૭ મિલિયન ડોલર ઘટીને ૧૮.૨૧૯ બિલિયન ડોલર પર પહોંચી ગયા છે. સપ્તાહ દરમિયાન ભારતમાં એફપીઆઈએ કેપિટલ પ્રોડક્ટ્સ, ઓટોમોબાઈલ, ફાઈનાન્સ, ટેલિકોમ અને રિયલ એસ્ટેટમાં મહત્તમ રોકાણ કર્યું છે. જ્યારે વેચાણ આઈટી સેક્ટરમાં છે.

નોંધનીય છે કે આ પહેલા સપ્ટેમ્બર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર સૌથી વધુ હતો. આ સમયે ભારતનો વિદેશી મુદ્રા ભંડાર ૬૪૨.૪૫૩ અબજ ડોલર હતો. પછી રૂપિયાના ઘટાડાને રોકવા માટે સેન્ટ્રલ બેંક દ્વારા આ ચલણનો મોટી માત્રામાં ઉપયોગ કરવામાં આવ્યો, પછી તેમાં મોટો ઘટાડો થયો.

રાષ્ટ્રપતિ મૂર્મુ અને પીએમ મોદીએ અડવાણીને ઘરે જઇને 'ભારત રત્ન'થી સન્માનિત કર્યા

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રવિવારે ઘરે જઈને લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્નથી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન મોદી પણ હાજર રહ્યા હતા. દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન અને ભાજપના દિગ્ગજ નેતા અડવાણીને આજે દેશના સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમયે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડાપ્રધાન મોદી સહિત અન્ય નેતાઓ પણ હાજર રહ્યા હતા.

વાવાઝોડાએ મેડાગાસ્કરમાં મચાવી તબાહી : ૧૮ના મોત

મેડાગાસ્કર,

ચક્રવાતી તોફાન 'ગેમેન'એ મેડાગાસ્કર ટાપુ પર મોટી તબાહી મચાવી છે. આ તોફાનના કારણે આ સપ્તાહમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા છે. આ સિવાય અત્યાર સુધીમાં ૨૦ હજાર લોકો વિસ્થાપિત થયા છે. ત્રણ લોકો ઘાયલ છે અને ચાર લાપતા છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ બ્યુરોએ એક અહેવાલમાં જણાવ્યું છે કે ઉષ્ણકટિબંધીય ચક્રવાત 'ગેમેન' એ મેડાગાસ્કરના ઉત્તર-પૂર્વમાં તબાહી મચાવી હતી.

બીએનજીઆરસીએ ગુરુવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે ચક્રવાતી તોફાન 'ગેમેન' બુધવારે સવારે ૧૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે મેડાગાસ્કરના ઉત્તરીય ક્ષેત્રમાં વિનાશ વેર્યો હતો. ધીરે ધીરે તે સમાપ્ત થઈ ગયું પરંતુ પૂરને કારણે મોટું નુક્સાન થયું. અનેક રસ્તાઓ અને પુલ ધરાશાયી થયા છે. દેશના સાત પ્રદેશોમાં તબાહી મચાવનાર ચક્રવાતથી ૯,૦૨૪ મકાનો સહિત કુલ ૩૬,૩૦૭ લોકો પ્રભાવિત થયા છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, ચક્રવાત ગેમેનના કારણે આવેલા પૂરને કારણે દેશમાં વ્યાપક નુક્સાન થયું છે. લગભગ ૬,૬૭૫ ઘરો પાણીમાં ડૂબી ગયા હતા, જ્યારે ૬૧૭ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા.

મોદીની ગેરંટી એટલે કરોડો ગરીબોને આવાસ રાશન અને રોજગારની ગેરંટી : આદિત્યનાથ

મેરઠ,

આજે મેરઠમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે એક જાહેરસભાને સંબોધીત કરતાં ઉત્તરપ્રદેશના સીએમ યોગીએ કહ્યું કે પીએમ મોદીએ અમને નવું ભારત બતાવ્યું છે. આ અમારું સૌભાગ્ય છે કે તેમણે ચૂંટણી પ્રચાર માટે મેરઠની જમીન પસંદ કરી છે. તેણે મેરઠને ઘણી ભેટ આપી છે. પછી તે રેપિડ રેલ હોય કે રોડ કનેક્ટિવિટી. સ્પોર્ટ્સ યુનિવર્સિટી હોય કે ઓડીઓપી દરેક દિશામાં અભૂતપૂર્વ કામ થયું છે.

તેમણે કહ્યું કે આ ચૂંટણી પરિવાર પ્રથમ વિરુદ્ધ રાષ્ટ્ર પ્રથમની ચૂંટણી છે. તેમણે કહ્યું કે મોદીની ગેરંટી એટલે કરોડો ગરીબોને આવાસ, રાશન અને રોજગારની ગેરંટી. તે જે કહે તે કરતો રહે છે. મોદીએ જે કર્યું છે તેના કારણે માત્ર સપના જ નથી વણતા. મોદી વાસ્તવિકતાને વણી લે છે, તેથી જ લોકો વારંવાર મોદીને પસંદ કરે છે. મંચ પરથી બોલતા સીએમ યોગીએ કહ્યું કે ગઈકાલે જ ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન સન્માન આપીને ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું છે. આ માટે સમગ્ર દેશ તેમનો આભાર વ્યક્ત કરે છે. તેમણે મંચ પર હાજર તમામ નેતાઓનું અભિવાદન કર્યું હતું.

સ્ટેજ પર ઉપસ્થિત જયંત ચૌધરીએ માઈક હાથમાં લઈને જાહેર જનતાનું અભિવાદન કર્યું હતું. તેમણે કહ્યું કે પીએમ મોદી જાણે છે કે ચૌધરી ચરણ સિંહે શું યોગદાન આપ્યું છે અને તેઓ તેને સમજે છે. યુવાનો વારંવાર વડાપ્રધાનનું નામ લઈ રહ્યા હતા. ચૌધરી સાહેબે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવ્યો.

મધ્યપ્રદેશમાં પતિ બસપના અને પત્ની છે કોંગ્રેસની ધારાસભ્ય !

બાલાઘાટ,

લોકસભા ચૂંટણીની રાજકીય લડાઈ હવે મુંજરે દંપતીના ઘર સુધી પહોંચી ગઈ છે. મધ્યપ્રદેશના બાલાઘાટ લોકસભા મતવિસ્તારના બીએસપી ઉમેદવાર અને પૂર્વ સાંસદ કંકર મુંજરેએ કોંગ્રેસના ધારાસભ્ય પત્ની અનુભા મુંજરેને ૧૯ એપ્રિલ સુધી ઘર છોડીને બીજે ક્યાંક રહેવાની સલાહ આપી છે.

એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે પરિવારની અંદરની રાજકીય લડાઈને મીડિયાની સામે મૂકી હતી અને કહ્યું હતું કે મેં મારી પત્ની અનુભા મુંજરેને કહ્યું છે કે જો તે કોંગ્રેસ માટે પ્રચાર કરવા ઈચ્છતી હોય તો તે ખુલ્લેઆમ કરે, પરંતુ જ્યારે નહીં. મારા ઘરમાં રહેવું. હું ચૂંટણી લડી રહ્યો છું, તેથી મારી પત્ની પણ મારી વિરોધી છે.

જો તે મારા ઘરે રહેશે તો તે મારી વિરુદ્ધ પ્રચાર કરશે. જો તે ઈચ્છે તો ૧૯ એપ્રિલ સુધી તેની બહેનના ઘરે રહી શકે છે. જો તે ઘર છોડશે નહીં તો હું છોડી દઈશ. તેમના માટે એક જ ઘરમાં રહીને પાર્ટીનો પ્રચાર કરવો શક્ય નથી અને હું મારા માટે કાંકર મુંજરે ધારાસભ્યની પત્નીને ઘેરવામાં નિષ્ફળ ગયા ન હતા. તેમણે કોંગ્રેસી ધારાસભ્ય પત્નીને પૂછ્યું હતું કે જ્યારથી તેઓ ધારાસભ્ય બન્યા છે.

પોર્ન વીડિયો બનાવતી ગેંગની ધરપકડ

પૂણેના લોનાવલામાં પોર્ન વીડિયો બનાવાતા હતા : ૧૩ ઝડપાયા

પુણે,

પૂણેના લોનાવલામાં પોલીસે પોર્ન વીડિયો બનાવતી ગેંગની ધરપકડ કરી છે. લોનાવાલામાં બે દિવસથી આ રેકેટ ચાલતું હતું. અહીં અલગ-અલગ રાજ્યોના યુવક-યુવતીઓ ઝડપાયા છે. કેટલાક અશ્લીલ વીડિયો પોલીસના હાથે ઝડપાયા છે. આ દરમિયાન પોલીસે ૧૫માંથી ૧૩ લોકોની ધરપકડ કરી છે. આ સાથે વિલા ભાડે આપનાર ત્રણ લોકો સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના પુણે જિલ્લામાં સ્થિત લોનાવલામાં પોર્ન ફિલ્મો બનાવતી એક ગેંગ ઝડપાઈ છે. લોનાવલામાં અર્ણવ વિલા નામનો બંગલો ભાડે લેવામાં આવ્યો હતો. લોનાવલા સ્થિત અર્ણવ વિલા નામના બંગલામાં વિવિધ રાજ્યોમાંથી ૧૫ યુવક-યુવતીઓ પહોંચ્યા હતા. પોલીસનું કહેવું છે કે આ લોકો અશ્લીલ ઓટીટી પ્લેટફોર્મ માટે પોર્ન વીડિયો શૂટ કરતા હતા, જ્યારે પોર્ન વીડિયો બનાવવો ભારતમાં ગુનો છે અને તેના પર પ્રતિબંધ છે.

જ્યારે પોલીસને આ અંગેની જાણ થઈ તો અધિકારીઓએ તેમના સ્તરેથી માહિતી મેળવી. આ પછી લોનાવાલા ગ્રામીણ પોલીસે અર્ણવ વિલામાં દરોડો પાડ્યો હતો. અશ્લીલ વીડિયો ઉતારી રહેલા યુવક-યુવતીઓ પોલીસને જોઈને હોશ ઉડી ગયા હતા. આ દરમિયાન પોલીસે ૧૩ લોકોની ધરપકડ કરી છે.

પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આ ગેંગ લોનાવલામાં પોર્ન વીડિયો બનાવતી હતી. ૧૫ લોકોમાં પાંચ છોકરીઓનો પણ સમાવેશ થાય છે. આ તમામ દેશના અલગ-અલગ રાજ્યોના છે.

મુખ્તાર અંસારી ગંભીર ગુનેગાર હતો, વિપક્ષ માત્ર રાજનીતિ કરી રહ્યો છે : કેન્દ્રીય મંત્રી

પટણા,

કેન્દ્રીય મંત્રી આરકે સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેણે કહ્યું છે કે મુખ્તાર અંસારી સખત ગુનેગાર હતો. વિપક્ષ માત્ર રાજનીતિ કરી રહ્યો છે. વિપક્ષી નેતાઓ પોતાના રાજકીય ફાયદા માટે પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યા છે. જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ કરે છે. જનતા સત્ય જાણે છે. આરા લોકસભા સીટ પરથી બીજેપી સાંસદ આરકે સિંહે શનિવારે જ પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું છે.

મીડિયા સાથે વાત કરતા કેન્દ્રીય મંત્રી આરકે સિંહે કહ્યું કે સૌથી પહેલા હું પાર્ટીનો આભાર માનું છું. હું નરેન્દ્ર મોદીજી અને નડ્ડા જીનો આભાર માનું છું. તેમણે ફરીથી મારામાં વિશ્વાસ વ્યક્ત કર્યો અને મને ત્રીજી વખત લોકસભાનો ઉમેદવાર બનાવ્યો. બીજું, હું જનતાનો આભાર માનીશ કારણ કે અમારી પાર્ટીએ સર્વે કરીને ટિકિટ આપી છે. કયા નેતાનો આટલો આધાર છે, અહીંના લોકોએ કહ્યું હશે કે તેમને મારામાં વિશ્વાસ છે. એટલા માટે પાર્ટીએ મને ટિકિટ આપી. તેમણે કહ્યું કે અરાહના લોકોએ પ્રેમ દર્શાવ્યો છે અને દસ વર્ષથી સ્નેહ બતાવી રહ્યા છે.

જયપુરમાં છઠ્ઠીએ કોંગ્રેસનો ઢંઢેરો જાહેર થશે : સોનિયા અને રાહુલની જાહેરસભા

SONIA GANDHI
RAHUL GANDHI

નવીદિલ્હી,

લોકસભાની ચૂંટણી માટે તમામ પક્ષોએ કમર કસી લીધી છે. પ્રથમ તબક્કાના નામાંકન બાદ પ્રચારે જોર પકડ્યું છે. આ ક્રમમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી જયપુરમાં જનસભાને સંબોધશે. જેમાં કોંગ્રેસ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે. મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સહિત ઘણા મોટા નેતાઓ પણ હાજર રહેશે.

સોનિયાની મુલાકાતને લઈને પીસીસી વોર રૂમમાં વરિષ્ઠ નેતાઓની બેઠક યોજાઈ હતી. રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિની આ બેઠકમાં ૬ લોકસભા ક્ષેત્રના નેતાઓએ ભાગ લીધો હતો. બેઠકમાં સોનિયા ગાંધીની મુલાકાતને લઈને ચર્ચા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી અને અન્ય ઘણા વરિષ્ઠ નેતાઓ પણ જયપુર જઈ શકે છે. નેતાઓની રેલીઓ અને રોડ શો લોકસભાના ઉમેદવારોની માંગણી અનુસાર નક્કી કરવામાં આવી રહ્યા છે.

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ બદથી બદતર એક ડઝન કેળાનો ભાવ થયો ૩૦૦ રૂપિયા

,ઈસ્લામાબાદ,

પાકિસ્તાનની હાલત અત્યારે ખુબ જ ખરાબ ચાલી રહીં છે. છતાં પણ ત્યાંના લોકો પાકિસ્તાનની ભારત સાથે સરખામણી કરે છે. પહેલા તો તે લોકોને પોતાની હાલત સુધારવાની જરૂર લાગી રહીં છે. મહત્વની વાત તો એ છે કે,પાકિસ્તાનીઓ પોતાના દેશને ભારત કરતા સારો દેશ માને છે, પરંતુ હવે તે લોકો ધીમે ધીમે સત્યનો સામનો કરવા લાગ્યાં છે. હાલમાં પાકિસ્તાનની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. સ્થિતિ એવી છે કે ઘણા ભાગોમાં લોકો ખાવા માટે પણ તરસી રહ્યા છે. જ્યારે તે ભાગોમાં જ્યાં પરિસ્થિતિ થોડી સારી છે, ત્યાં ખોરાકની ગુણવત્તા ઉચ્ચ ગુણવત્તાની નથી.

એક રિપોર્ટ પ્રમાણે અત્યારે પાકિસ્તાનના લોકોને ખાવા માટેના પણ ફાંફા છે. ત્યાને એક વ્યક્તિએ કહ્યું કે, ભારતીય ફલો પાકિસ્તાની ફળો કરતા વધારે સારા હોય છે. ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનમાં ફળોને લઈને એક વ્યક્તિને સવાલ પુછવામાં આવ્યો હતો.કારણ કે, અત્યારે પાકિસ્તાનમાં ફળોના ભાવ આસમાને પહોંચી ગયાં છે. કારણ કે, અહીં એક ડઝન કેળાના ભાવ ૨૫૦થી ૩૦૦ રૂપિયા છે. જેથી ત્યાના લોકો અત્યારે ખુબ જ પરેશાની ભોગવી રહ્યાં છે.

પાકિસ્તાની લોકોના કહેવા પ્રમાણે કોઈ પણ ફળ હોય, સફરજન હોય કે કેરી, તેના તમામ ફળ સારા હોય છે. ભારતીય ફળોની કિંમત પણ પાકિસ્તાની ફળો કરતાં ઓછી છે. આ હિંદુ-મુસ્લિમ સંઘર્ષના કારણે જ વિધાનસભામાં બેઠેલા લોકોમાં અણબનાવ સર્જાયો છે.

કાશ્મીરથી ઉત્તરાખંડ સુધી ભારે વરસાદ અને હિમવર્ષા : હિમાચલમાં ૧૭૨ રસ્તાઓ બંધ

નવીદિલ્હી

જમ્મુ-કાશ્મીરથી લઈને હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તરના પર્વતીય વિસ્તારોમાં શનિવારે ભારે વરસાદ અને હિમવર્ષા થઈ હતી. હિમાચલમાં લગભગ ૧૦,૦૦૦ ફૂટની ઉંચાઈ પર સ્થિત અટલ ટનલની આસપાસ પણ તાજી હિમવર્ષા થઈ છે. વરસાદ અને હિમવર્ષાના કારણે પ્રતિકૂળ હવામાનને કારણે હિમાચલના ૧૭૨ રસ્તાઓ પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. પંજાબ અને હરિયાણાના વિવિધ વિસ્તારોમાં તોફાન અને ગાજવીજ સાથે વરસાદ થયો છે, જેના કારણે ઘઉંના પાકને ભારે નુકસાન થવાની આશંકા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હવામાનની પેટર્નમાં આ ફેરફાર બેથી ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. જો કે કેટલાક વિસ્તારોમાં તેની તીવ્રતા ઘટશે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હીમાં પણ કેટલાક સ્થળોએ વાવાઝોડા સાથે ભારે પવન અને વરસાદ જોવા મળ્યો હતો. આ સાથે જ પૂર્વ મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં રાત્રે ગરમીનો અનુભવ થયો હતો. મધ્યપ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં પણ હીટ વેવ જેવી સ્થિતિ યથાવત રહી હતી.આઈએમડી અનુસાર ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં હવામાનમાં સુધારો થવાની ધારણા છે. એટલે કે વરસાદ અને વાવાઝોડાની સ્થિતિમાં રાહત મળશે. પૂર્વોત્તર ભારતમાં ૨ એપ્રિલ સુધી વરસાદ અને વાવાઝોડું ચાલુ રહી શકે છે. મધ્ય અને દ્વીપકલ્પીય ભારતમાં આગામી ત્રણથી પાંચ દિવસ સુધી દિવસ અને રાત્રિ બંનેમાં ભારે ગરમીનો અનુભવ થશે.હિમાચલના કાંગડામાં ખેતરમાં પડેલા ઈલેક્ટ્રીક વાયરથી અથડાઈને દાદીનું મોત થયું હતું અને ઉનામાં ઝાડ પર પડતાં એક બાળકીનું મોત થયું હતું.

તોફાનના કારણે ૧૯ વાહનોને નુકસાન થયું છે. દસ મકાનોના છાપરા ઉડી ગયા હતા. શિમલામાં સ્થિત સ્થાનિક હવામાન કેન્દ્રે હિમાચલ પ્રદેશમાં ૪ એપ્રિલ સુધી વરસાદની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યના ઉચ્ચ વિસ્તારોમાં હિમવર્ષા થઈ શકે છે અને ખીણ અને મેદાનોમાં વાવાઝોડાની સ્થિતિ સર્જાઈ શકે છે.

ભારતની સરહદે આવેલા નવા ગામોમાં ડ્રેગનની નવી ચાલ : તિબેટ પર કબજાની ૬૫મી વર્ષગાંઠ ઉજવાઈ

બીજીંગ,

ચીન પોતાની હરકતોથી હટી રહ્યું નથી. ચીને તિબેટ પર પોતાના કબજાની ૬૫મી વર્ષગાંઠ ભારતીય સરહદ પર સ્થાપિત એક નવા ગામમાં ઉજવી છે. નોંધનીય છે કે ચીન ભારત સાથેની સરહદો પર ઘણા ગામડાઓનું નિર્માણ કરી રહ્યું છે, જેની આડમાં ચીનના સૈનિકો આ વિસ્તારમાં મોટી સંખ્યામાં તૈનાત કરવામાં આવી રહ્યા છે. ચીને તિબેટનું નામ જીજાંગ રાખ્યું છે. ચીની સૈનિકોએ ૧૯૫૧માં તિબેટ પર કબજો કર્યો હતો.

અહેવાલ મુજબ, ચીને ગયા ગુરુવારે લોકતાંત્રિક સુધારાની ૬૫મી વર્ષગાંઠની ઉજવણી કરી. અહેવાલો અનુસાર, સમગ્ર પ્રદેશમાં અનેક ભવ્ય સમારોહ અને સ્મારક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન ભારત અને ભૂટાનની સરહદ પર બનેલા નવા સરહદી ગામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગયા મહિને હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, સ્થાનિક લોકો અને સૈનિકોને સમાવવા માટે ભૂટાન સાથેની વિવાદિત સરહદ પર નવી ઈમારતો સાથે ત્રણ ગામોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ગામો ચીનની રાજ્યની આગેવાની હેઠળની ગરીબી નાબૂદી યોજનાનો એક ભાગ હતા જેથી સારી જીવનશૈલી પૂરી પાડવામાં આવે, પરંતુ તેઓ રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા માટે ગઢ તરીકે પણ બમણા થયા, પોસ્ટે અહેવાલ આપ્યો. નોંધનીય છે કે અત્યાર સુધી ચીને સરહદી વિસ્તારમાં લગભગ ૬૨૪ ગામો બાંધ્યા છે.

બેલ્જિયમમાં કાયદાકીય મથામણના કારણે ડાયમંડના વેપારીઓની નજર ભારત તરફ

નવીદિલ્હી,

બેલ્જીયમ વિશ્વમાં હીરા ટ્રેડિંગનું આઈકોનિક સીટી ગણાય છે પરંતુ હાલમાં બેલ્જીયમ ખાતે ચાલી રહેલી કાયદાકીય મથામણને કારણે અનેક ટ્રેડર્સ બેલ્જીયમ છોડી દુબઈ ખાતે ટ્રેડીંગ ઓફીસ શિફ્ટ કરી રહ્યા છે. ઉપરાંત મેન્યુફેકચરીંગ માટે ઈન્ડિયામાં સુરત અને મુંબઈ ખાતે પ્લાનિંગ કરી રહ્યા હોવાની માહિતી મળી રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, બેલ્જીયમ ખાતેના કાયદા અને પોલીસી તેમજ રશિયન ડાયમંડ પર કડકાઈ અને દુબઈ ખાતેની આકર્ષિત પોલીસી જ્યારે ભારતમાં ડાયમંડ માટે મેન્યુફેક્ચરીંગ માટે સસ્તા લેબરને લઈને વેપારીઓ શિફ્ટ થઈ રહ્યા છે અને કેટલાક શિફ્ટ કરવાનું વિચારી રહ્યા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ બાબતે સતાવાર કોઈ બોલવા તૈયાર નથી પણ આવું થઈ રહ્યું છે. બેલ્જીયમ ખાતેથી અનેક ડાયમંડ કંપનીએ પોતાની ટ્રેડિંગ ઓફિસ દુબઈ ખાતે શિફ્ટ કરી છે. જ્યારે મેન્યુફેકચરીંગ માટે સુરત અથવા મુંબઈને પસંદ કરી રહ્યા છે. ખાસ કરીને સુરતમાં ડાયમંડ મેન્યુફેકચરીંગ માટે લેબર સસ્તી અને સારી રીતે મળી શકે તેમ હોઈ આગામી સમયમાં આવી મોટી કંપની સુરતમાં આવશે તો સુરતને પણ ફાયદો થશે એમ સૂત્રોએ ઉમેર્યું હતું.

CONTACT FOR BOOKING:
LEELA WORLD WIDE
Global Travel Solutions
105/106, SHOPPER'S POINT, NEAR CUSTOM HOUSE, PARIMAL CHOWK, WAGHAWADI ROAD, BHAVNAGAR 364002 (GUJARAT) INDIA
TEL. +91 278 256 9292 / 256 9299 / 222 1223
MOB.+91 98 7900 6900
Email: global@travelsolution.biz


TAMMUDU, LET'S FLY TO BENGALURU!
DIRECT TO YOUR PLANS
BOOK DIRECT FLIGHTS VISAKHAPATNAM → BENGALURU

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8
તા.૦૧-૦૪-૨૦૨૪, સોમવાર
સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE bhavnagar
A SAROVAR HOTEL
Efcee Sarovar welcomes you to be treated special
★ 90 ROOMS & SUITES
★ 2 RESTAURANT & CAKE SHOP
★ 2 BANQUET HALLS
★ GULMOHAR PARTY LAWN
★ SWIMMING POOL
★ UNISEX SALON, SPA & GYM
GULMOHAR | VICTORIA
Iscon Mega City, Opp. Victoria Park, Bhavnagar - 364002
Reservations +91 2782412222 | esp@sarovarhotels.com

ભાવનગરમાં કાલે ક્ષત્રિયોની રેલી-આવેદન

નવાપરા ગરાસીયા બોર્ડીંગથી શિસ્તબદ્ધ રેલી યોજી કલેક્ટરને આવેદન પાઠવવાનો કાર્યક્રમ જાહેર કરતો ગોહિલવાડ ક્ષત્રિય રાજપૂત સમાજ : યુવાનો, વડીલો અને મહિલા પાંખ પણ રેલીમાં જોડાશે

ભાવનગર, તા.૧

રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઇ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલા નિવેદનથી વિવાદ થયો છે અને હાલ કહી શકાય કે વિવાદ ભડકે બળી રહ્યો છે ત્યારે ભાવનગરમાં પણ કાલે ગોહિલવાડ રાજપૂત સમાજ અને અન્ય સંલગ્ન સંસ્થાઓ દ્વારા વિરોધ સ્વરૂપે એક રેલી યોજી કલેક્ટરને આવેદન પાઠવવા કાર્યક્રમ ઘડવામાં આવ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવાની એક જ માંગ પર અડગ રહી અને તેને બળવત્તર બનાવાઇ રહી છે. દરમિયાનમાં રાજકીય ચર્ચાઓ મુજબ રૂપાલાને બદલે ભાજપ દ્વારા મોહનભાઇ કુંડારીયા કે અન્ય કોઇને ચૂંટણી લડાવાય તેવી અટકળો છે. ત્યારે જો રૂપાલાની ટિકિટ રદ ન થાય તો ભાવનગરમાં કાલે ક્ષત્રિયોની રેલી નીકળશે તે નિશ્ચિત બાબત છે !

ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ અને લડત સમિતિના કન્વીનર વાસુદેવસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે, પરશોત્તમભાઇ રૂપાલાએ કરેલા નિવેદનથી ક્ષત્રિય સમાજનું સ્વાભિમાન ઘવાયું છે. તેમણે કરેલું નિવેદન સાખી શકાય તેમ નથી. સમગ્ર રાજ્યમાંથી ક્ષત્રિય સમાજ આ મામલે વિરોધમાં છે ત્યારે ભાવનગરમાં પણ ગોહિલવાડ ક્ષત્રિય રાજપૂત સમાજ અને કરણી સેના સહિત અન્ય જુદી જુદી ૧૦ સંસ્થાઓ દ્વારા મંગળવારે સાંજે ૪ વાગે ગરાસીયા બોર્ડીંગ નવાપરાથી શિસ્તબદ્ધ રેલી નીકળી અને કલેક્ટરને આવેદન પાઠવશે. તેમણે ઉમેર્યું હતું કે, કોઇ જ્ઞાતિ, સમાજ કે પક્ષ સામે અમારે કોઇ વિરોધ નથી. અમારે માત્ર પરશોત્તમભાઇ રૂપાલાએ કરેલા નિવેદન સામે વાંધો છે. ક્ષત્રિયોની આન-બાન-શાન અને સ્વાભિમાનનો સવાલ છે. વધુમાં ગોંડલમાં થયેલ સમાધાન સંદર્ભે વાસુદેવસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, એ બેઠકમાં લડત સમિતિના એકપણ આગેવાનને બોલાવાયા ન હતાં. આથી તે સમાધાન માત્ર રાજકીય બની રહ્યું છે.

આવતીકાલે નવાપરા ગરાસીયા બોર્ડીંગથી નિકળનાર રેલીમાં યુવાનો, વડીલો ઉપરાંત સમાજના મહિલા સભ્યો પણ મોટી સંખ્યામાં જોડાશે અને સ્વયં શિસ્ત સાથે રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચી અને આવેદન પાઠવાશે. ક્ષત્રિય સમાજની રૂપાલાને હટાવવાની એક જ માંગ રહી છે આ સિવાય બીજી કોઇ વાત નથી. તેમ અંતમાં ઉમેર્યું હતું.

ક્ષત્રિય સમાજના યુવાનોએ પોસ્ટર સાથે દેખાવો કરતા પોલીસે કરી અટકાયત

ભાજપના રાજકોટના લોકસભાના ઉમેદવાર પરશોત્તમભાઇ રૂપાલાએ કરેલા એક નિવેદનથી વિવાદ થયો છે અને શમવાનું નામ લેતો નથી. ગઈકાલે આખલોલ જકાતનાકા ખાતે ક્ષત્રિય સમાજના યુવાનોએ પોસ્ટરો સાથે વિરોધદર્શી દેખાવો કર્યા હતાં અને રૂપાલાની ટિકિટ રદ કરવા માંગ દોહરાવી હતી. પોલીસ તંત્ર દ્વારા દેખાવકાર યુવાનોની અટકાયત કરવામાં આવી હતી.

મોદી તુમસે વેર નહિ
રૂપાલા તેરી ખેર નહિ
#BoycottParshottamRupala

ચૂંટણી પૂર્વે ચુવાળીયા અને તળાપદા કોળીના મતોમાં ફાટા ?! : સુરેન્દ્રનગરના વિવાદ સંદર્ભે સિહોરમાં બેઠક મળી

સિહોરમાં ચુવાળીયા કોળી સમાજે બેઠક કરી અપક્ષ ઉમેદવાર ઉભા રાખવા કરી ચર્ચા-વિચારણા



ભાવનગર, તા.૧

બહુમત કોળી સમાજની સંખ્યાને ધ્યાને લઇને ભાજપ સહિતના રાજકીય પક્ષો દ્વારા પ્રતિનિધિત્વ અપાઇ રહ્યું છે પરંતુ સુરેન્દ્રનગરમાં ચૂંવાળીયા અને તળપદા કોળી વચ્ચે જંગ મંડાતા સમસ્ત કોળી સમાજમાં વિભાજન થાય તેવા એંધાણ હાલ જોવા મળી રહ્યા છે. ગઇકાલે ભાવનગરના સિહોરમાં ચુવાળીયા કોળી સમાજની એક બેઠક મળી હતી જેમાં સુરેન્દ્રનગરનું પ્રકરણ ચર્ચાયું હતું અને આગામી દિવસોમાં સમાજમાંથી અપક્ષ ઉમેદવારો ઉભા રાખવા પણ ગંભીર ચર્ચાઓ થઇ હતી. આમ સુરેન્દ્રનગરથી કોળી સમાજમાં વિભાજનની જે ચિનગારી ભડકી છે તે હવે વિસ્તરી રહી છે.

સિહોરમાં ચુવાળીયા કોળી સમાજની એક બેઠક મળી હતી અને તેમાં સુરેન્દ્રનગરની બેઠક પર ભાજપે ચુવાળીયા કોળીને ઉમેદવાર બનાવતા તેનો સુરેન્દ્રનગરના પૂર્વ કોંગ્રેસી સાંસદ સોમાભાઈ ગાંડાએ વિરોધ કર્યો છે. અત્યાર સુધી તળપદા, ઠાકોર અને ચુવાળીયા સહિતના તમામ કોળી એક જ સંગઠિત કોળી સમાજ બનીને પોતાના ઉમેદવારને વિજેતા બનાવતું રહ્યું છે. પરંતુ આ વખતે જ્યારે ભાજપે ચુવાળીયા કોળી ઉમેદવારને સુરેન્દ્રનગરથી ઉમેદવાર બનાવ્યો છે. જેને લઈને તળપદા કોળી સમાજના સોમાભાઈ ગાંડાએ વિરોધ કરી ચુવાળીયાને અલગ કોળી તરીકે ગણતરી કરી અલગ કરતા ચુવાળીયા કોળી સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

તળપદા અને ઠાકોર કોળી સમાજ ઓબીસીમાં આવે છે જ્યારે ચુવાળીયા કોળી વિચરતી જાતિમાં સમાવિષ્ટ હોય ત્યારે ચુવાળીયા અને તળપદા કોળીનો જંગ ક્યાં સુધી વિસ્તરશે અને કોને ફાયદો થશે તે

અનુસંધાન ૬

વાડીએ તાર ફેન્સિંગ કરવા મામલે ટોળાએ પથ્થરના છુટા ઘા ઝીંક્યાં

માલણકા ગામની ઘટનામાં યુવકને નાકના ભાગે ગંભીર ઈજા : નવ શખ્સ વિરુદ્ધ ઈજાગ્રસ્તે નોંધાવી ફરિયાદ

ભાવનગર તા.૧

વરતેજ તાબેના માલણકા ગામમાં આવેલ વાડીમાં તાર ફેન્સીંગ કરવા મામલે શેઢા પાડોશી સહિતના ટોળાએ યુવાન અને તેના સંબંધીઓ ઉપર પથ્થરના છુટા ઘા ઝીકી યુવકને નાકના ભાગે ગંભીર ઈજા પહોંચાડતા તેને સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવકે શેઢા પાડોશી સહિત નવ ઈસમો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના તરસમિયા ગામના વતની અને સુરતમાં રહેતા દર્શકભાઈ છગનભાઈ જાસોલીયા, તેમનો નાનો ભાઈ નિર્મિત અને તેમના કુટુંબી મોટા બાપુ વશારામભાઈ જીવરાજભાઈ અને કાકા લક્ષ્મણભાઈ જીવરાજભાઈ જાસોલિયા ગઈકાલે રવિવારે માલણકા ગામમાં આવેલ તેમની વાડીએ તાર ફેન્સીંગનું કામ કરાવવા માટે ગયા હતા તે દરમિયાન તેમની વાડીના શેઢા પાડોશી ભરતભાઈ ગીગાભાઈ કોળી, ચતુરભાઈ ગીગાભાઈ તેમજ ભરતભાઈનો દીકરો અને ૦૬ અજાણ્યા શખ્સોએ તાર ફેન્સીંગ કરવા બાબતે બોલાચાલી અને ઝઘડો કરી ગાળો આપી પથ્થરના છુટા ઘા ઝીકતા દર્શકભાઈના નાકના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી, તેમજ તેમના ભાઈ અને કુટુંબી કાકા, દાદા ને પણ મૂઢ ઈજા પહોંચાડી હતી.

આ બનાવમાં ઈજાગ્રસ્ત દર્શકભાઈ જાસોલીયાને સારવાર અર્થે ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા તેમણે માલણકા ગામમાં રહેતા ભરત ગીગાભાઈ કોળી, ચતુર ગીગાભાઈ કોળી, ભરત કોળીનો દીકરો અને ૦૬ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વરતેજ પોલીસે આઈપીસી કલમ ૩૨૫,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને ૩૩૭ મુજબ ગુનો નોંધી તથા હાથ ધરી છે.

ધુળેટીમાં કલર નાખવા મામલે થયેલી બોલાચાલીની દાઝે યુવક ઉપર હુમલો

ભાવનગર તા.૧

મહુવામાં ધુળેટીના દિવસે કલર નાખવા બાબતે થયેલી બોલાચાલીની દાઝ રાખી યુવક ઉપર ત્રણ શખ્સે હુમલો કરતા યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવાની દીપક સોસાયટી, પ્લોટ નં. ૪૮ માં રહેતા ધ્રુવ રાજેશભાઈ વાઘેલાને ધુળેટીના દિવસે ચેતન માલધારી, વિશાલ ભૂદેવ અને તેનો મિત્ર ધ્રુવાંશુ ડોડીયા સાથે કલર નાખવા બાબતે બોલાચાલી થઈ હતી તે બાબતની દાઝ રાખી ગઈકાલે રાત્રે ધ્રુવભાઈ વાઘેલા તેમના ઘરે જતા હતા તે દરમિયાન બચુભાઈ પટેલના મકાન પાસે ઈનોવા કારમાં આવેલા ચેતન માલધારી, વિશાલ ભૂદેવ અને ગુડો ઉર્ફે કૃણાલ ચુડાસમા એ ધ્રુવભાઈને અટકાવી વિશાલ ભુદેવે લાફા ઝીકયા હતા,ચેતન માલધારીએ હાથમાં પહેરેલ સરલીયાનો ઘા માથાના ભાગે ઝીકયો હતો જ્યારે કૃણાલે લોખંડના પાઈપ વડે માર મારી ઈજા કરતા ધ્રુવભાઈને સારવાર માટે મહુવાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે તેમણે ત્રણ ઈસમો વિરુદ્ધ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

દિવ્યેશ સોલંકીની કાર પર પથ્થરમારો કરનાર સગીર સહિત ત્રણ ઝડપાયા

મંત્રી પરશોત્તમ સોલંકીના પુત્ર તેના ટેકેદારો સાથે સામાજિક કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરી રહ્યા હતા ત્યારે પીથલપુર નજીક બન્યો હતો બનાવ

ભાવનગર, તા.૧

ભાવનગરના પીથલપુર ગામ નજીક રાજ્યકક્ષાના મંત્રી પરશોતમભાઇ સોલંકીના પુત્ર દિવ્યેશ સોલંકીની કાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પથ્થરમારાના કારણે કારને મોટું નુકસાન પહોંચ્યું હતું. જો કે, આ મામલે દિવ્યેશ સોલંકીના ડ્રાઈવરે ઘોઘા પોલીસ સ્ટેશનમાં ૩ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. વર્ષો પહેલાં પરસોત્તમભાઇ સોલંકી ઉપર જે સ્થળે હુમલો કરવામાં આવ્યો હતો ત્યાં જ તેમના પુત્રની કાર ઉપર હુમલો કરવામાં આવ્યો હોય જેને લઈને ચકચાર મચી જવા પામી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ દિવ્યેશ સોલંકીની કારના ચાલક રવિભાઇ બકુલભાઇ રાણાએ બનાવ સંદર્ભે ઘોઘા પોલીસ મથકમાં ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૩૦ માર્ચ શનિવારે રાતે ૧૦:૪૫ વાગ્યાના સમયે મારી સાથે દિવ્યેશભાઈ સોલંકી તથા બુધેશબાઇ જાંબુચા ગાડી નં.જી.જે.૧૮.ઈબી.૨૫૨૮ લઈને ભાવનગરથી પીથલપુર ગામે રામાપીરના આખ્યાનના પ્રોગ્રામમાં હાજરી આપવા ગયા હતા. પીથલપુરથી આ કાર્યક્રમ પૂર્ણ કરી ભાવનગર પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન પીથલપુરથી અડધો કિલોમીટર દૂર આવતા પીથલપુર ગામની પ્રાથમિક શાળા પાસે પહોંચતા જ શનિવારે મોડી રાત્રે ૧૨:૧૫ વાગ્યાના સમયે અચાનક અમારી ગાડી ઉપર છૂટા પથ્થર ફેંકવામાં આવ્યા હતા.

અમારી ગાડીની ડ્રાઇવર સાઇડના આગળ તથા પાછળના દરવાજા પર છૂટા ઘા થવાનો અવાજ આવ્યો હતો. જેથી તરત ગાડી ઊભી રાખતા બીજા પણ ત્રણ-ચાર ઘા થયા હતા જે ગાડીની બાજુમાંથી પસાર થઈ ગયા હતા. બાદમાં આજુબાજુમાં મોબાઇલની તથા ગાડીની લાઇટથી તેમજ અમારી સાથેની બીજી ગાડીની લાઈટોથી તપાસ કરતા હતા ત્યારે ત્રણ શખ્સો ભાગતા જોવા મળ્યા હતા. જેમાંથી એક વ્યક્તિએ ગ્રે કલરની લાઇનિંગવાળો શર્ટ તેમજ ખભા ઉપર લાલ કલરનું કપડું રાખ્યું હતું. તેમજ બીજા વ્યક્તિએ કાળા તથા લીલા કલરની મોટી ચેક્સવાળો આખી બાયનો શર્ટ પહેર્યો હતો. આ ઉપરાંત ત્રીજા વ્યક્તિએ ક્રીમ કલરનો આછી બ્લુ કલરની લાઇનિંગવાળો ચેક્સ શર્ટ પહેર્યો હતો અને માથા ઉપર ટોપી પહેરી હતી. આ વખતે ત્યાંથી બીજા મોટર સાઇકલ સવારો પસાર થયા હતા અને તેમણે જણાવ્યું હતું કે કોઇ ત્રણ જણા દોડી જતા જોયા હતા. અમે ચર્ચા કરતા હતા ત્યારે આ ભાગી ગયેલા શખ્સોમાંથી એક શખ્સ આવીને પૂછવા લાગ્યો હતો કે શું થયું. જેથી અમે તેને ઓળખી ગયા અને તેનું નામ પૂછતા તેણે બ્રિજરાજસિંહ સુખદેવસિંહ ગોહિલ (રહે. ઓદરકા ગામ) જણાવ્યું હતું આ અંગે ઘોઘા પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ. દરમિયાન પોલીસે આ ગુનામાં બ્રિજરાજસિહ, અને કપિલદેવ નામનો યુવાન તથા એક સગીર સહિત ત્રણેયને ઝડપી લીધા હતા.

ખંડણી માગનાર મુખ્ય આરોપીની ધરપકડ

ખરીદી કરી દુકાને જતા યુવકને અટકાવી રૂ.એક હજાર માંગી ચાર શખ્સોએ કરી હતી મારામારી



ભાવનગર તા.૧

ભાવનગરના દીવાનપરા રોડ વિસ્તારમાં લુખ્ખાગીરી કરી જાહેર રોડ પર આતંક મચાવી યુવાન પાસે ગેરકાયદેસર ખંડણી માંગી મારામારી કરનાર ચાર શખ્સો પૈકી મુખ્ય આરોપીને ગંગાજળીયા પોલીસે ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ ભાવનગરના દીવાનપરા રોડ, બર્ટન લાઈબ્રેરી પાસે આવેલ દીવાન હાઈટ્સમાં રહેતા અને પિતા સાથે સોપારીનો વેપાર કરતાં મહંમદમહેંદી અહેસાનભાઈ નાયાણી ગત તા.૩૦/૦૩ ના રોજ સાંજના સમયે સાંઢીયાવાડમાંથી વસ્તુની ખરીદી કરી દુકાને તરત જતા હતા ત્યારે દીવાનપરા રોડ પર આવેલ મયુર મેડિકલ વાળા ચોકમાં તોહિદ ઈકબાલભાઈ મન્સૂરી તેનું મોટરસાયકલ લઈને ઊભો હતો અને છરી બતાવી મોહમ્મદભાઈને ઉભા રાખી રૂ.એક હજારની માંગણી કરી હતી. મહંમદભાઈએ પૈસા આપવાની ના કહેતા ઉશ્કેરાઈ ગયેલા શખ્સે ઝઘડો કરતા તેમના ત્રણ સાથીદારો સાહિલ, કયુમખાન અને એક અજાણ્યો શખ્સ આવી ગયા હતા અને મારા મારી કરી તોહિદના હાથમાં પંચ જેવું હોય તેનો એક ઘા મોહમ્મદભાઈને ઝીકી દીધો હતો, દરમિયાન મોહમ્મદભાઈના કાકા આવી જતા તેમની સાથે પણ ઝપાઝપી કરી હતી અને હવે પછી પૈસા નહીં આપો તો જીવતા નહિ રહેવા દઉં તેવી ધમકી પણ આપી હતી.

આ ઘટનાના પગલે લોકો એકઠા થઈ જતા ચારેય ઈસમો જતા રહ્યા હતા આ બનાવ મામલે મહિલાઓનો ટોળું પણ પોલીસ સ્ટેશન દોડી ગયું હતું અને લુખ્ખા તત્વોના ત્રાસ અંગે રજૂઆત કરી હતી.

આ બનાવ અંગે મહંમદમહેદી એ તોહીદ ઈકબાલભાઈ મન્સૂરી, સાહિલ, કયુમખાન અને એક અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ગંગાજળિયા પોલીસે તમામ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને ચાર પૈકીના મુખ્ય આરોપી તોહીદ ઈકબાલભાઈ મન્સૂરીને ઝડપી લીધો હતો.

મોતીતળાવની મહિલાને મરવા મજબૂર કરનાર પતિ અને દિયરની ધરપકડ

સાસરિયાના ત્રાસથી કંટાળી મહિલાએ ગળાફાંસો ખાઈ આયખું ટૂંકાવ્યું હતું

ભાવનગર,તા.૧

વરતેજ નજીકના કમળેજ ગામમાં આવેલ વણકરવાસ, ચાંમુડા માતાના મંદિર પાસે રહેતા રમેશભાઈ દુદાભાઈ મારૂએ બોરતળાવ પોલીસ મથકમાં તેના જમાઈ અનિલ જેરામભાઈ બાબરીયા, તેના બહેન ડિમ્પલબેન જેરામભાઈ, પિતા જેરામભાઈ જીવાભાઈ બાબરીયા, બાબરીયા, ભાઈ કિશોર ઉર્ફે કપીલ જેરામભાઈ બાબરીયા (રહે. તમામ, મેસ ફેક્ટરીની સામે, મોતીતળાવ, કુંભારવાડા) અને માસી બેનાબેન દલપતભાઈ પરમાર (રહે. આંનદનગર) વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી કે, તેઓની દીકરી વર્ષાબેનના લગ્ન અનિલ જેરામભાઈ બાબરીયા સાથે થયા હતા. તેના લગ્નજીવન દરમિયાન પતિ અનિલ, સસરા, દિયર, નણંદ સહિતે એક સંપ કરી અવાર નવાર મેણા ટોણા મારી, માર મારી, વર્ષબેન પાસે કરીયાવર બાબતે સંભળાવી. શારિરીક માનસીક ત્રાસ આપી તેમજ તેના માસીજી બેનાબેને તેના સાસરીયાને મદદગારી કરી તારા સાસરીયા કહે તેમ તારે કરવું પડશે તેમ કહી તેના દીકરીને આ તમામે મરવા મજબુર કરતા વર્ષાબેને ગઈ તા. ૧૯/૦૨ ના રોજ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ફરીયાદના અનુસંધાને બોરતળાવ પોલીસે આઈપીસી. ૩૦૬, ૪૯૮ ૬, ૩૨૩, ૧૧૪ મુજબ ગુનો દાખલ કરી મૃતક મહિલાના પતિ અનિલ જેરામભાઈ બાબરીયા અને દિયર કિશોર ઉર્ફે કપિલ જેરામભાઈ બાબરીયાની ધરપકડ કરી છે.